Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. આત્મ સં. ૫૧ સંવત ૨૦૦૩.

અંક ૪ થો. કારતક : નવેમ્બર

તા. ૧૦-૧૧-૧૯૪૬.

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ નૂતન વર્ષાભિનંદન ... ... ... ... | મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી | ૬૧ |
| ૨ **શ્રાદ્ધભાવના** ... ... ... ... | મુનિ પૂર્ણાનંદવિજયજી | ૬૨ |
| ૩ વિષયસુખ ઘણું મોંઘું છે ... ... ... | આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી | ૬૩ |
| ૪ ધર્મ-કૌશલ્ય (૯-૧૦-૧૧-૧૨) ... ... ... ... | રા. મૌક્તિક | ૬૭ |
| ૫ તત્વસાર ... ... ... ... ... ... | મુનિશ્રી પુણ્યવિજયજી | ૭૧ |
| ૬ શ્રી હેમચંદ્રાચાર્યજીની જીવનઝરમર ... ... ... | મુનિ ન્યાયવિજયજી | ૭૨ |
| ૭ પ્રત્યેક બુદ્ધ ... ... ... ... ... ... ... | રા. ચોકસી | ૭૫ |
| ૮ શ્રીમાન્ યશોવિજયજી ... ... ... ... ... | ડૉ. ભગવાનદાસ મહેતા | ૭૭ |
| ૯ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ... | | ૮૦ |


## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ | શાહ હીરાલાલ મંછાચંદ, સોલીસીટર ૨ જા વર્ગમાંથી ૧ લો વર્ગ લાઇફ મેમ્બર | મુંબઇ |
| ૨. | શાહ તેજરાજ કસ્તૂરચંદજી ઓસવાલ " " " | જમખંડી |
| ૩. | શાહ જયન્તીલાલ વાડીલાલ | વીલેપાર્લા-મુંબઇ |
| ૪. | શેઠ મણિલાલ વીરચંદ | મુંબઇ |
| ૫. | શેઠ કુસુમચંદ નાનાભાઇ સુરતવાળા | કાંદીવલી |

વાંચો-વિચારો— આત્મકલ્યાણ સાધો— જ્ઞાન-ભક્તિ કરો—

## સ્થિતિસંપન્ન જૈન બન્ધુઓને એક નમ્ર સૂચના—

રૂા. એકસો એક આપી આ સભાનું માનવંતા લાઇફ મેમ્બરનું સ્થાન મેળવી, નવા નવા સુંદર પૂર્વાચાર્યોકૃત તીર્થંકર ભગવાનો, અન્ય ઉપકારી મહાન્ પુરૂષો અને આદર્શ સતી ચરિત્રો વાંચી પોતાનું અને બીજાઓને વંચાવી સ્વપર કલ્યાણ સાધો.

અત્યાર સુધીમાં તે રીતે થયેલા પેટ્રનશ્રી અને લાઇફ મેમ્બર જૈન બંધુઓએ લગભગ ૮૦ એંશી વિવિધ કથા ચરિત્ર વગેરેના ગ્રંથો **શ્રી મહાવીરસ્વામી, શ્રી સુપાર્શ્વનાથ, શ્રી ચંદ્રપ્રભુ, શ્રી નેમનાથ, શ્રી વિમળનાથ, શ્રી મહાવીરસ્વામી, શ્રી આદિનાથ** ભગવંતોના બીજા મહાન પુરૂષોના અને સતી ચરિત્રો વગેરેના મળી મોટા ગ્રંથો ગમે તેટલી કિંમતનાં (મફત) ભેટ મેળવી જ્ઞાન, ભક્તિ કરી, આત્મ કલ્યાણ અને તેટલું સાધી સભા માટે આનંદ વ્યક્ત કર્યો છે અને તે જાણી નવા નવા તેથી અન્ય જૈનબંધુઓ લાઇફ મેમ્બર પણ થતાં જાય છે.

તે રીતે હાલ બે માસ પછી નવા બે ગ્રંથો **શ્રી સંઘપતિ ચરિત્ર** અને **શ્રી મહાવીર યુગની મહાદેવીઓ** સચિત્ર પાંચસો ઉપરાંત પાનાના ઉપર પ્રમાણે નવા થનાર લાઇફ મેમ્બરને ગ્રંથો ભેટ (મફત) ધારા પ્રમાણે આપવાના છે.

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. | કાર્તિક. | પુસ્તક ૪૪ મું.

વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૬ નવેમ્બર :: | અંક ૪ થો.


## નૂતન વર્ષાભિનંદન.

( મંદાક્રાન્તા )

આત્માનંદે જગત વિલસો, આત્મકેરા પ્રકાશે,
સંસ્કારોથી વિમલ ગતિ હો, સર્વ હૈયાં સુહાસે;
સાચી સિદ્ધિ પ્રગટ અરપો, દીપમાલા મહાન,
લબ્ધિ સ્વામી શુભકર બને, **ગૌતમ** જ્ઞાનવાન. ૧

જેવી પ્રીતિ પ્રબળ ધરતી, વલ્લભે રમ્ય નારી,
દીપે નાખે સરવ નિજનું, જેમ ખદ્યોત વારી;
એવી પામો જિનવર વિષે, ભાવના પ્રેમભક્તિ,
સર્વે અર્પો જિનવર પદે, પ્રાપ્ત હો દિવ્ય શક્તિ. ૨

સત્પાત્રોને મદદરૂપ હો, ધર્મસેવા બજાવો,
સન્માર્ગી હો, સમરૂપ બની, ધર્મગીતો ગજાવો;
દીપે દીપે, નવલ વરસે, દિવ્ય સંદેશ પામો,
ગ્રન્થો અર્પો, વિવિધ રસના, પ્રાપ્ત હો ભવ્ય કામો. ૩

( અનુષ્ટુપ )

'**આત્માનંદ-પ્રકાશે**' થી, હઠાવો અંધકારને;
જ્ઞાનની ભવ્ય લ્હાણીથી, ફેલાવો શ્રેષ્ઠ સારને. ૪

દિવ્ય શક્તિ મહા અર્પો, ઉષા નૂતન વર્ષની;
**હેમેન્દ્રે** જાગતી ભવ્ય, આશા શુભ ઉત્કર્ષની. ૫

મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्राद्धभावना.

मुनि पूर्णानन्दविजय ( कुमारश्रमण )

विद्यायाः विजयं नत्वा, आत्मानन्दं च शोभनां ।
कारकप्रचुरां कुर्वे, जैनभक्तस्य भावनाम् ॥ १ ॥

चन्द्रेण सदृशो जैनः तमोघं हन्ति साधवे ।
ददाति क्रुध्यति द्रुह्यतीर्ष्यति नैव शत्रवे ॥ २ ॥

गृहान्निर्गत्य मित्रेण सार्धं याति जिनालयं ।
जिनेन्द्राय नमः स्वस्ति भूयात् प्रासादकारिणे ॥ ३ ॥

मुदा सह कथित्वैतत् मन्दिराद्बहिरागतः ।
क्षणं कृत्वा मनःशुद्धं ध्यानेन भावनामिमाम् ॥ ४ ॥

ध्यायति मुक्तिदां चारुं, सर्वेषां पुरतः पुनः ।
नास्ति सुखं विना धर्मं, समाधिर्न सुखादृते ॥ ५ ॥ ( युग्मम् )

जाड्याद्बद्धोऽस्मि पापोऽस्मि स्पृहयामि जिनाय न ।
पुरुषेषु गुरुः श्रेष्ठः तं नापश्यं कदापि च ॥ ६ ॥

( अपूर्ण )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષયસુખ ઘણું જ મોંઘું છે

લેખક-આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

માનવી માને છે તેટલું વિષયસુખ સસ્તું નથી. પાંચ પચીસ હજાર, પાંચ લાખ કે પાંચ ક્રોડની ઈચ્છાથી પણ અધિક વિષયસુખ ખરીદી શકાય છે એમ માનનારા ભૂલે છે; કારણ કે વિષયસુખ ભોગવવા બાગ, બંગલા, અનેક પ્રકારના ખાદ્ય તથા પેય પદાર્થો, વસ્ત્ર, ઘરેણાં, નાટક, સિનેમા આદિ અનેક વસ્તુઓની જરૂરત પડે છે, અને તે ધનવાન ધનથી ખરીદી શકે છે પણ સુખ ખરીદી શકતો નથી, છતાં તેને પોતાની ઇચ્છા પ્રમાણે વાપરીને પોતે સુખ માને છે અને હું સુખી છું એમ જાણીને ઘણો જ આનંદ અનુભવે છે, કે જે સુખ તથા આનંદ માણસને મિથ્યાભિમાનના પ્રમાણમાં હોય છે. તે માને છે કે મને મળેલી વસ્તુઓ બીજાની પાસે નથી એટલે તે દુઃખ ભોગવે છે અને મને મળી છે એટલે હું સુખ ભોગવું છું, આ બિચારો ગરીબ છે અને હું શ્રીમંત છું—આવા મિથ્યાભિમાનજન્ય સુખ તથા આનંદ માનવીને વધારે મત્ત બનાવે છે એટલે તેને સાચી વસ્તુ સમજાતો નથી, માનવી પૈસાથી માત્ર સુખના સાધન જ ખરીદી શકે છે, પણ સુખ ખરીદી શકતો નથી. સંસારમાં એવા ઘણા પ્રસંગો જોવામાં આવે છે કે, બંગલો બંધાવીને કે ખરીદીને, સ્ત્રી પરણીને, વસ્ત્ર-ઘરેણાં તૈયાર કરાવીને તેને ભોગવવા ક્ષણ પણ રહેતા નથી અને પરલોકમાં સિધાવી જાય છે, નાટક સિનેમા જોવા ગયા હોય ત્યાં જ આંખ મીંચાઇ જાય છે, ઈત્યાદિ અનેક બનાવોથી સ્પષ્ટ સમજાય છે કે પૈસાથી કેવળ સુખનાં સાધન ખરીદી શકાય છે; પણ સુખ નહિ.

વસ્તુસ્થિતિ એવી છે કે વૈષયિક સુખનાં સાધન ખરીદવાને માટે કિંમત પહેલી આપવી પડે છે અને વૈષયિક સુખ ખરીદવાને કિંમત પાછળથી સુખ ભોગવ્યા પછી આપવી પડે છે. અને વૈષયિક સુખ ભોગવનાર જીવોના પરિણામની વિચિત્રતાને લઇને કેટલાકની પાસે સાધન વધારે હોય છે અને સુખ થોડું ભોગવે છે, ત્યારે કેટલાકની પાસે સાધન થોડું હોય તોયે સુખ વધારે ભોગવે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પુન્ય કર્મના બળથી બહુ જ સારા પ્રમાણમાં સાધનો મળ્યાં હોય છે, છતાં તે વસ્તુઓનો અનાસક્તિ ભાવે જરૂરતના પ્રમાણમાં ઉપયોગ કરે છે એટલે તે અત્યાનંદ માનતો નથી, તેમજ સુખ સમજીને સાચા સુખ માટે ઉપેક્ષા કરતો નથી; માટે જ તે અલ્પ સુખ ભોગવે છે; કારણ કે તેની મનોવૃત્તિ વૈષયિક સુખથી વિરામ પામેલી હોય છે. ત્યારે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને વૈષયિક સુખનાં સાધનો થોડાં મળ્યાં હોય તો પણ અત્યંત આસક્તિ ભાવથી તેનો ઉપયોગ કરીને પોતે અત્યંત આનંદ તથા સુખ અનુભવે છે. જે જીવ જેટલા પ્રમાણમાં પૌદ્‌ગલિક વસ્તુઓ વાપરતાં આનંદ તથા સુખ અનુભવે છે તેટલા પ્રમાણમાં જીવનના છેડે બધો હિસાબ કરીને તેની પાસેથી કિંમત લેવામાં આવે છે.

જેમ કોઇ માણસ રેસ્ટોરાં અથવા તો હોટલમાં જઇને ખુરશી પર પોતાના પાંચ સાત ગોઠીઆઓને લઇને બેસી જાય અને રેસ્ટોરાંના માલિકને હુકમ કર્યે જાય કે-સાત કપ દૂધ લાવો, દશ કપ ચા, ચાર શેર શીખંડ, ત્રણ શેર પૂરી, બશેર ચેવડો લાવો વિગેરે વિગેરે. આ પ્રમાણે બે ચાર કલાક સુધી ગોઠીઆઓ સાથે મોજ માણીને વિદાય થતી વખતે દુકાનદાર જ્યારે બીલ કરીને તેના હાથમાં મૂકે છે ત્યારે કિંમત આપવાને અશક્ત હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્ચર્ય દર્શાવતી ફાટેલી આંખોથી તેના સામે જોઇને ધડકતે હૃદયે બોલી ઊઠે છે કે આટલા પૈસા ? તેવી જ રીતે વિષયાનંદી જીવ ઇચ્છા પ્રમાણે અત્યંત આસક્તિથી સુખ ભોગવીને માનવદેહરૂપ રેસ્ટોરાંમાંથી વિદાય થાય છે ત્યારે વૈષયિક સુખના મૂલ્યમાં બધી સંપત્તિ આપી દઈને ભાવી ભવની વિપત્તિના આશ્રિત થવું પડે છે, તેથી તે ભોગવેલા સુખ કરતાં અનંતગણું દુઃખ અનુભવે છે.

રેસ્ટોરાંમાં બધી જાતના માણુસો આવે છે. કેટલાક સમજુ–ડાહ્યા ઉચ્ચ કુળના માણુસો કોઇક પ્રસંગે બીજે જમવાની સગવડ ન હોવાથી આવા સ્થળોમાં જમવાનો પ્રબંધ કરે છે. તેઓ પોતાના નિત્યના રિવાજ પ્રમાણે જમીને ચાલતા થાય છે. તેઓ મોજશોખ કે આનંદની ખાતર જમવા આવતા નથી પણ જીવન-વ્યવહાર જાળવવા પૂરતા જ આવે છે, ત્યારે કેટલાક ઓછી બુદ્ધિના પોતાને ત્યાં જમવાની સગવડ હોવા છતાં પણ કેવળ મોજશોખની ખાતર ભેગા થાય છે. તેમનું ભાન ઠેકાણે ન હોવાથી સ્વચ્છંદીપણે પરિણામ વિચાર્યા વગર વસ્તુઓનો ઉપયોગ કરે છે જેથી છેવટે ધન અને સ્વાસ્થ્ય બગાડીને માઠી દશા ભોગવે છે. આવી જ રીતે માનવ દેહમાં સમ્યગ્‌દૃષ્ટિ જ્ઞાની જીવ પણ આવે છે અને મિથ્યા-દૃષ્ટિ અજ્ઞાની પણ આવે છે. સમ્યગ્‌દૃષ્ટિ–જ્ઞાની વાસ્તવિક તથા અવાસ્તવિક સુખ તથા આનંદને સાચી રીતે જાણે છે. તેઓ સુખ તથા આનંદને આત્માના સ્વભાવ–ગુણ તરીકે માને છે, પણ જડાત્મક વૈષયિક વસ્તુઓના ભોગોપભોગથી ઉત્પન્ન થાય છે અને તેના વિયોગથી નષ્ટ થાય છે એમ માનતા નથી, એટલા જ માટે તેઓ જીવવાને ઉપયોગી જડાત્મક વસ્તુઓનો અનાસક્તિભાવે ઉપયોગ કરે છે, કારણ કે તેમનું ધ્યેય જીવવા પૂરતું જ હોય છે પણ તેમને મોજશોખનો સંકલ્પ સરખોયે હોતો નથી, જેથી તેઓ આત્મિક સ્વાસ્થ્ય બગાડનારી મોંઘી વસ્તુઓ વાપરતા નથી. ત્યારે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીઓનું ધ્યેય તદ્દન જુદા જ પ્રકારનું હોય છે. તેઓ જડાત્મક–મનગમતી સુંદર વસ્તુઓના ઉપભોગ સિવાય આત્મસ્વરૂપ સુખને માનતા જ નથી. તેમને વૈષયિક વૃત્તિઓ પોષવારૂપ મોજશોખ સિવાય આનંદ કે સુખશાંતિ બીજે કયાંય પણ જણાતા નથી, માટે જ તેઓ નિરંતર વિષયેચ્છાથી રંગાયલા જ રહે છે અને અજ્ઞાનતાથી સ્વચ્છંદીપણે ન આપી શકાય તેવી પરિણામે અનંત દુઃખસ્વરૂપ મોંઘા મૂલ્યની, આત્મિક સ્વાસ્થ્ય બગાડનારી વસ્તુઓનો ઉપયોગ કરે છે, જેથી છેવટે અધોગતિમાં જઇને ભોગવેલા પૌદ્‌ગલિક સુખોનું મૂલ્ય ચુકવવારૂપ અનંત દુઃખ સહન કરે છે અને જેટલા રસ તથા આસક્તિથી વૈષયિક સુખ ભોગવ્યું હોય છે તેનાથી અનંતગણું અનંતા કાળ સુધી વૈષયિક દુઃખ ભોગવીને કિંમતનો બદલો વાળે છે.

વ્યવહારમાં વિષય શબ્દથી કેવળ સ્પર્શેંદ્રિયના વિષયરૂપ કે જેને મૈથુન–સંભોગ કહેવામાં આવે છે તે પ્રસિદ્ધ છે, પરંતુ એમ નથી. અહિં પાંચે ઇંદ્રિયોના વિષયોને વિષય તરીકે વર્ણવ્યા છે. વિષયાસકિત એટલે પાંચે ઇંદ્રિયોના વિષયોના ભોગોપભોગમાં તલ્લીનતા. શબ્દ–વર્ણ–ગંધ–રસ અને સ્પર્શ આ બધાનો વિષયમાં સમાવેશ થાય છે, છતાં સ્પર્શેંદ્રિયના વિષયરૂપ મૈથુનને–સંભોગને પ્રધાનતા આપવામાં આવી છે, કારણ કે બીજા વિષયો મૈથુન સેવનારને અત્યંત પ્રિય હોય છે અને તેનો સંભોગની આસકિત વધારવામાં છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. અર્થાત્ મૈથુન માટે તેનો ઉપયોગ કરાય છે. તે સિવાય તો બીજા વિષયોમાં પુદ્‌ગલાનંદી જીવોને આનંદ કે સુખ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિ મળી શકતા નથી. મૈથુનના ત્યાગી બ્રહ્મચારીને પ્રથમ તો બીજા વિષયોની રુચિ જ હોતી નથી અને કદાચિત્ કોઇને હોય છે, તો તે ઘણા જ થોડા પ્રમાણુમાં હોય છે. છતાં જ્યાં કાન તથા જીભના વિષયોમાં અત્યંત આસકિત જણાય છે ત્યાં નૈશ્ચયિક બ્રહ્મચર્ય તો હોતું જ નથી અને નૈષ્ઠિક બ્રહ્મચર્યની પણ સંભાવના ઓછી જ રહે છે. સંસાર સમૃદ્ધિનું અદ્વિતીય કારણ, બીજા વિષયોનું સંરક્ષક અને પ્રાય: સંસારપ્રિય હોવાથી વિષયાસકિત શબ્દથી સંસારમાં સંભોગસ્વરૂપ મૈથુનને જ ઓળખવામાં આવે છે. બાકીની ઇંદ્રિયોના વિષયોને દુનિયાનો મોટો ભાગ વિષય તરીકે માનતો જ નથી અને એટલા માટે જ આંખ–કાન–જીભ આદિના વિષયોમાં આસક્ત રહેનારને પુન્યશાળી માને છે. આવી માન્યતાવાળી દુનિયા પણ વ્યભિચારીને તો પાપી–અધર્મી તરીકે જ ઓળખવાની. ગમે તેટલો શ્રીમંત તથા બીજા વિષયોના સાધનવાળો કેમ ન હોય તોયે વ્યભિચારીને તો તિરસ્કારની દૃષ્ટિથી જ જોવાની; માટે જ બીજા વિષયો કરતાં મૈથુનરૂપ વિષયની કિંમત વધારે હોવાથી બધા કરતાં તે ઘણું જ મોંઘું છે.

કાન તથા જીભનો વિષય પણ બીજા વિષયો કરતાં સસ્તો નથી. મૈથુનથી વિરામ પામેલાઓ માટે પણ આ બે વિષયોથી વિરામ પામવું સહેલું નથી. ત્યાગી હોય કે ભોગી હોય, પ્રાય: બધાયને આ બે વિષયોમાં અત્યંત આસક્તિ હોય છે. અને એટલા માટે જ બીજા વિષયો કરતાં આમાં વધારે રસ પડવાથી આનંદ તથા સુખનો અનુભવ પણ વધારે થાય છે; કારણ કે મૈથુન–વિષય દુનિયાની દૃષ્ટિમાં પાપકૃત્ય ગણાતું હોવાથી વ્યભિચાર સેવતાં માનવીને ભય તથા સંકોચ રહે છે, પણ કાન તથા જીભનો વિષય દુનિયામાં આવકારદાયક હોવાથી માનવી નિર્ભય તથા નિ:સંકોચપણે તેને પોષવા પોતાનાથી બનતું બધું કરે છે. અને જો દુર્જન તથા વ્યાધિ અંતરાય ન કરે તો નિરંતર સ્વચ્છંદપણે અદ્વિતીય આનંદ તથા સુખ ભોગવે છે. આ વિષયાસક્તિમાં ધર્મના બહાને ત્યાગ પણ જાળવી શકાય છે એટલે ત્યાગી પણ કાન તથા જીભના વિષયસુખને ભોગવી કૃતકૃત્યપણે આનંદ મનાવી શકે છે, માટે આ વિષયસુખની કિંમત બીજા વિષયો કરતાં કાંઇ ઓછી આપવી પડતી નથી, એટલે આ વિષયસુખ પણ કાંઈ સસ્તું નથી. જેઓ જીભના વિષયથી વિરક્ત જણાય છે તેઓ પણ મોટે ભાગે તો કાનની વિષયાસક્તિવાળા તો હોય જ છે. જીભના વિષયથી વિરક્ત જણાનારાઓમાં ઘણાખરા કાનની વિષયાસક્તિની તૃપ્તિ માટે કાંઇક જીભ ઉપર કાબૂ રાખતા જણાય છે, તે તેમના કષાયના આવેશથી કળી શકાય છે. અને જનતામાં એવી ઉકિત સંભળાય પણ છે કે–તપસ્વીને ક્રોધ ઘણો હોય છે. આ પ્રમાણે વિચાર કરતાં કાનનો વિષય પણ ઘણો જ મોંઘો છે. કૃષ્ણ લેશ્યાવાળા પ્રદેશમાં ઘણા કાળ સુધી પરાધીનપણે અસહ્ય વેદનાઓ સહન કરવા છતાં પણ માથે ચઢેલું કાન તથા જીભના વિષયસુખનું દેવું પૂરું વાળી શકાતું નથી.

વિષયાસક્તિ હોય છે ત્યાં કષાય (રાગ–દ્વેષ)ની તીવ્રતા અવશ્ય હોય જ છે. કષાયની ઉદ્દીપક વિષયાસક્તિ છે. જેટલા પ્રમાણમાં કષાય હોય છે તેટલા જ પ્રમાણમાં વિષયાસક્તિ પાંચે ઇંદ્રિયમાંથી કોઇપણ હોય છે. જેટલે અંશે કષાય ઓછા હોય છે તેટલે અંશે વિષયાસક્તિ પણ ઓછી જ હોય છે. અને એટલા માટે આનંદ તથા સુખનો અનુભવ પણ ઓછાવત્તા પ્રમાણમાં થાય છે. તેથી તેના મૂલ્યમાં પણ ફેર પડે છે. કષાયના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમવાળાને અનાસક્તિભાવ પ્રગટ થાય છે. એટલે તેમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયોમાં આનંદ કે સુખ જેવું કાંઇ હોતું નથી. જો કે કષાય તથા વિષય એક બીજાના આશ્રિત છે, પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે છતાં કષાય આધીન વિષય છે પણ વિષય આધીન કષાય નથી; કારણ કે કષાય (રાગ–દ્વેષ) સિવાય તો વિષયોમાં આસક્તિભાવ ઉત્પન્ન થાય નહિ, અને આસક્તિ સિવાય તો સુખનો પણ અનુભવ થાય નહિ. પાંચે ઇંદ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરે છે, છતાં જ્યાં સુધી કષાય ન ભળે ત્યાં સુધી આસક્તિના અભાવથી તે વિષય સંબંધી આનંદ કે સુખનો અનુભવ થતો નથી; કારણ કે પૌદ્ગલિક સુખ એટલે પુદ્ગલોના સંબંધથી થવાવાળી રાગપરિણતિ સ્વરૂપ આસક્તિ, રાગપરિણતિ આસક્તિ અને સુખ આ ત્રણેમાં નામનો જ ભેદ છે, બાકી એક જ વસ્તુ છે. ત્રણે માનસિક વિક્રિયા છે, માટે જ પૌદ્ગલિક સુખનો આસક્તિ ઉપર આધાર છે અને આસક્તિના પ્રમાણમાં સુખ વેદાય છે તે આસક્તિ રાગપરિણતિના પ્રમાણમાં થાય છે. અર્થાત્ અનુકૂળ મનગમતી વસ્તુમાં રાગ થાય છે ત્યાં આસક્તિ ભાવે સુખ વેદાય છે અને પ્રતિકૂળ અણગમતી વસ્તુમાં દ્વેષ થવાથી ખિન્ન ભાવે દુઃખ વેદાય છે.

વૈષયિક સુખમાં આસક્ત રહી આનંદ માનનારને આસક્તિના પ્રમાણમાં વૈષયિક સુખોનું મૂલ્ય આપવું પડે છે. પછી ભલે તે સુખ અનાસક્તિવાળાની દૃષ્ટિમાં તુચ્છ કેમ ન હોય. ક્ષીણ કષાયવાળો અનાસક્ત પૌદ્ગલિક વસ્તુમાં સુખ માનતો નથી એટલે તેને મેળવવાને પ્રયાસ પણ કરતો નથી. તેને તો સાચા સુખની અભિલાષા હોય છે કે જે સુખ પોતાનું હોવાથી તેની કાંઇપણ કિંમત આપવી પડતી નથી. જે સુખ તથા આનંદના માટે પારકી–જડ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે તેની કિંમત જરૂર આપવી પડે છે. અને એટલા માટે જ પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવો તિર્યંચની તથા નારકીની ગતિમાં જઇને પરાધીનપણે પૌદ્ગલિક સુખનું દેવું ચૂકવી રહ્યા છે. પૌદ્ગલિક સુખ ભોગવતી વખતે આનંદ તથા સુખ માટે વાપરેલા પુદ્ગલોનું કર્મના ચોપડામાં ખાતું પાડી આપેલું હોય છે તે પ્રમાણે જીવનના છેડે સંખ્યાત, અસંખ્યાત તથા અનંત કાળ સુધી પરાધીનપણે દેવું વાળવા તિર્યંચની ગતિમાં અથવા તો સાગરોપમો સુધી નારકીની ગતિમાં રહીને પણ ભોગવેલા સુખની કિંમત ભરી આપવી પડે છે. તે સુખના પ્રમાણ કરતાં સરખામણીમાં સંખ્યાત, અસંખ્યાત તથા અનંતગણી વધી જાય છે. તો પણ વિષયાસક્ત પુદ્ગલાનંદી જીવો અનાદિ કાળના અભ્યાસથી અનંતા કાળ સુધી અનંતું દુઃખ સહન કરવા છતાં પણ વિષયસુખથી વિરામ પામતા નથી અને અનાસક્તિભાવે આત્મિક સુખ મેળવી સુખની દરિદ્રતા દૂર કરી શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય

(૯)

**સંતોષ**-Contentment.

**શાંત ચિત્તવાળા સંતોષ અમૃતથી ધરાયલા પ્રાણીને જે સુખ છે તે અહીંતહીં દોડાદોડ કરતાં ધનના લોભીને ક્યાંથી હોય?**

જીવન યાત્રામાં સંતોષીને જે સુખ છે તે ધનની વાંછાવાળાને, કીર્તિની પાછળ દોડવાવાળાને; અહીંથી લઉં કે પણેથી લઉં, આની પાસેથી લઉં કે પેલાની પાસેથી પડાવી લઉં એવી ઈચ્છાવાળાને મળતું નથી. બાજરાનો રોટલો ખાઇ પાણીથી પેટ ભરનારને જે સુખે **ઊંઘ** આવે છે તે લક્ષ્મીની સેવા કરનાર અને તેની પાછળ દોડનાર લાખોની ઊથલ-પાથલ કરનારને કલ્પનામાં પણ આવતી નથી. ધનની ઇચ્છાવાળા અને લાખોની હેરવણીફેરવણી કરનારને **શાંત** મળતી નથી, હાશ કરીને બેસવા વારો આવતો નથી અને આશા તૃષ્ણાના દાસભાવમાંથી એનો છૂટકારો નથી.

અને **સંતોષની વાતો** વિચારતાં પણ શાંતિ થઇ જાય છે. ગરીબાઇને ખાદીની સાડી મળે અને જે સંતોષ થાય તે કપાટમાંથી એક પછી એક સેંકડો સાડીમાંથી એક પહેરવા માટે શોધનારને થતો નથી અને પાડોશીની નવી સાડી તરફ લલના લાગે તે વખતે કપાટમાંની સો પચાસ સાડીઓ નકામી થઇ પડે છે. મનમાં સંતોષ થઇ જાય તો પછી ખાદીની સાડી કે બનારસી સોનેરી સાડીમાં કે વાયલમાં કાંઇ ફેર પડતો નથી. એ તો મનના વાંધાઓ છે અને કલ્પનાના તરંગો છે. સંતોષ ખરેખર **અમૃત** છે, બત્રીશ કોઠે દીવા કરનાર અમી છે, આનંદ રસમાં ઝબોળી દેનાર અમોઘ વીર્ય છે અને આખી જિંદગીમાં તાઝગી લાવનાર વિશુદ્ધ રસરાજ છે. જેને એ રસમાં આનંદ આવે છે તે જીવનની લ્હાણ પેટ ભરી ભરીને પીએ છે.

આવા સંતોષીના મનોરાજ્યો જોવાં જેવા હોય છે, એને અન્ય પાસે પૈસો જોઇ પોતાની સ્થિતિ પર ખેદ થતો નથી, સામા તરફ ખાર થતો નથી, કોઇની અદેખાઇ આવતી નથી અને એનાં મુખ પર અને હૃદયમાં એક એવી આનંદ લહરી નિરંતર પ્રસરતી રહે છે કે તેના વાયરામાં એ હિલોળા લીધા કરે છે. **ધનલોભી** કે કીર્તિ**લોભી** જ્યારે જ્યાં ત્યાં માથાં માર્યાં કરે છે, અનેક કોલાંડો રચ્યા કરે છે, સામસામી સોગઠીઓ ગોઠવ્યા કરે છે અને કયા ત્રણ ભરીને કઇ કુકરીને ઝરું, કોની કુકરીને ઘર ભેગી કરું એવા ખ્યાલ કર્યા કરે છે અને તે ખાતર અનેક દેખાવો, ખુશામતો અને કારસ્થાનો કરે છે, ત્યારે સંતોષી જીવ **આનંદમાં** મગ્ન રહે છે, હોય તેમાં રાજી રહે છે અને પ્રેમસમુદ્રમાં શાંત ડુબકી મારે છે શ્રીપાળનો સંતોષ અને ધવળ શેઠનો લોભ જ્યારે વિચારીએ છીએ ત્યારે શેઠના જીવના વલોપાતો, ઊકળાટો અને હાયવરાળો શ્રોતાને મારે ખેદકારક નીવડે છે. સંતોષીને સમાજમાં **માન** છે, જિંદગીમાં **ચમન** છે, સ્વાસ્થ્યમાં **નિરાંત** છે અને પ્રેમમાં **મસ્તી** છે. સંતોષીના મનનો મહિમા વર્ણવવો મુશ્કેલ છે. મન સંતોષ પામે પછી કોણ દરિદ્રી અને કોણ ધનવાન? જ્યાં ધનવાન અને ગરીબનો ફેર જ રહેતો નથી ત્યાં પછી અંતરભાવનાં ચિત્રો શા વર્ણવવાં બાકી રહે? સજ્જન તૃષ્ણાનો ત્યાગ કરે, સંતોષમાં મહાલે, અને હોય તેમાં રાજી થાય. પ્રગતિનું આ પહેલું સોપાન છે.

---

**संतोषामृततृप्तानां यत्सुखं शान्तचेतसाम्। कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम्॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૦ )

**તારું ખરું ધન**—Your real wealth.

**જે પૈસાને તું યોગ્ય સત્પાત્રને દાનમાં આપે, અથવા જે પૈસાનો તું દિવસાનુદિવસ ખાવા દ્વારા ઉપભોગ કરે—**

**તે પૈસા તારા છે એમ હું માનું છું.**

**બાકીના પારકા છે અને પારકા માટે તું તેની ચોકી કરે છે.**

પૈસાનો એક આ ખ્યાલ ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે. એનો યોગ્ય પાત્રને દાન આપવામાં ઉપયોગ થાય, જરૂરિઆતવાળાને આફતમાંથી મુક્ત કરવામાં વ્યય થાય, દીન દુ:ખીનો ઉદ્ધાર કરવામાં વપરાશ થાય, દુકાળ રેલસંકટના કાર્યમાં કામમાં લગાડાય, અથવા કેળવણી, ઈસ્પીતાલ, નિરાશ્રિત આશ્રય, વિધવા સંકટ નિવારણ જેવી સંસ્થાઓને દાનમાં અપાય, અથવા કળાકેન્દ્રો, પુસ્તકાલયો વિદ્યાલયો, અભ્યાસગૃહોનાં સ્થાપન કે સંચાલનમાં વ્યય થાય **તે તારા પોતાના** પૈસા છે એમ ગણજે. બાકી તારે દરરોજ નિયમિત ખાવા માટે જરૂરી ખરચ કરવો પડે તેને પણ કદાચ તું તારા પોતાના પૈસા ગણજે.

એટલે **વિવેકપૂર્વકનાં દાન** અને **જરૂર જોગાં પોતાના ખર્ચને** અંગે વપરાતાં પૈસા તો પોતાના ગણી શકાય. એમાં દાન આપવામાં વિવેકની ખાસ જરૂર છે. એક રૂપીયો વાવીને સોનો લાભ અપાવી શકાય, ખાસ જરૂરિઆત હોય તેને દુ:ખમાંથી તારતાં–ઊંચા લઈ આવતાં તેનો હજાર લાખોગણો લાભ થાય, સામાની આંતરડી કળકળતી બચે તેના ખ્યાલથી સ્વાત્મસંતોષ થાય અથવા વિદ્યાધામોમાં વ્યય થાય તે તારા પોતાના પૈસા ગણાય. **ચિત્ત વિત્ત ને પાત્ર** ત્રણેનો યોગ મળે તે સદ્દાન કહેવાય અને તેમાં ધનનો વ્યય થાય તે તારા પોતાના પૈસા થયા, કારણ કે પૈસાનો દાન કે ભોગમાં ઉપયોગ ન થાય તો કાં તો તેનો ત્રીજો માર્ગ નાશમાં પર્યવસાન આવે છે, અથવા તો એના ઉપર ચોકી કરીને આખી જિંદગી એની તાપણી તાપ્યા કરે, ભૈયાની જેમ એની ચોકી કર્યા કરે અને મોત આવે ત્યારે કોઈ પારકાને આપી ઉઘાડે હાથે ચાલ્યા જવાનું થાય. આ પૈસા પારકાના થયા અને પારકાના રહ્યા. ખાધું કે ખવરાવ્યું નહિ, પેટ બાળ્યું, છોકરાઓને દુહવ્યા અને અંતે આખી રાજધાની કે સંઘરો અહીં મૂકી ચાલ્યા જવું એ **પારકાના દોરડા–જોતરા ખેંચવાનું** જ કાર્ય છે.

અને ખરી વાત તો એ છે કે માણસને ખાધે ખૂટતું નથી, અને દે તેના કરતાં વધારે તુરતમાં મળે છે. પણ મુંજી સ્વભાવના માણસો લાંબી નજરે જોઇ શકતા નથી. આપવાની વખતે 'શક્તિ નથી.' એવા બ્હાના કાઢે છે, મન નથી, ભાવ નથી, ઇચ્છા નથી–એ વાત ગોપવે છે અને કાકાનો સપાટો લાગે ત્યારે વાંદરાના હાથમાંથી ગાગરમાંનાં બોર છૂટી જાય તેમ સર્વ છોડી દેવું પડે છે. આવા પારકા પૈસા પર માણસ શા માટે ગાંડાઘેલો થઇ જતો હશે? હોય ત્યારે લ્હાવો શા માટે નહિ લેતો હોય? પારકાને માટે વલખાં શું કામ મારતો હશે? આ સર્વ કોયડા છે. પૈસાનું આખું તત્ત્વજ્ઞાન ઊંધી ખોપરી પર–વિચારશૂન્યતા પર–દીર્ઘદૃષ્ટિના અલ્પભાવ પર રચાયલું છે. તે જે જાણે, વિચારે, વિસ્તારે, તે અંતે ફાવે.

**यद्ददासि विशिष्टेभ्यो यच्चाश्नासि दिने दिने । तत्ते वित्तमहं मन्ये शेषमन्यस्य रक्षसि ॥**

**भगवान् व्यास**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૧)

## સંઘરો–Hoarding.

**વૈભવ હોય તો દેવું. ભોગવવું, સંઘરો ન કરવો. જુઓને! મધમાખીઓનો કરેલો સંચય અંતે બીજા હરણ કરી લઈ જાય છે.**

પૈસા ભેગા કરવાનો ખરી રીતે કાંઇ અર્થ નથી. હોય ત્યારે ભોગવવું અને દેવું, પોતાનો હાથ ઠારવો અને અન્યને ઉપકાર નીચે રાખવા. એક પ્રસંગે જણાવ્યું છે કે ખવરાવ્યું તે ખરૂં ખાધું અને ખાધું તે ખોયું. બીજે દિવસે સવારે જંગલ જાય ત્યારે ખાધેલ તો ખલાસ થઇ જાય છે, પણ આપેલ દાન વાવણીની પેઠે એક દાણામાંથી સેંકડો ઉપજાવે છે અને તેની પરંપરા ચાલતાં ઉત્તરોત્તર વધારો જ થતો જાય છે. અને સંઘરો કરી કરીને કેટલો કરો, કયાં સુધી ચાલે અને જ્યારે એ સંઘરો જવા બેસે છે ત્યારે પગ કરી ચાલ્યો જાય છે અને એની આડા ગમે તેટલા હાથ દેવામાં પણ એ જરૂર રસ્તે પડી જાય છે. અને પરાધીનતા થયા પછી ડહાપણ આવે તેની કાંઇ કિંમત નથી. માખીઓ ફૂલે ફૂલે બેસી મધ એકઠું કરે છે, પોતે ખાતી નથી, કોઇને ખવરાવતી નથી, પોતાનાં બચ્ચાંને પણ ટટળાવે છે, પણ એક દિવસ મધપુડા નીચે ધુમાડો થાય, ત્યારે સર્વ મૂકીને હારેલા જુગારીની માફક હાલી નીકળવું પડે છે. વેપારમાં ગમે તેમ એકઠાં કરેલા નાણાં એક ખોટો વેપાર થતાં વેરણછેરણ થઇ જાય છે અને બીજે તમાચો લાગતાં માણસ કડભર થઈ જાય છે. એટલા માટે સંઘરવાનો કાંઈ અર્થ નથી, સંઘરો કરનાર તો **ચોકીદાર** **લૈયો** છે, તિજોરીનો રક્ષક **પહેરેગીર** છે, પારકા માટે એકઠું કરનાર કરવૈયો કે ટ્રસ્ટી છે.

એટલા માટે વૈભવ હોય તો આપો, ખૂબ દાન કરો, યોગ્ય પાત્રને શોધી તેમાં ઠાલવતા જાઓ, વ્યવસ્થિત સંસ્થાને પલ્લવિત કરો, વિવેકપૂર્વક તપાસ કરી ધનનો ઉપયોગ કરો, યોગ્ય માર્ગે ખરચેલ કદી ખૂટવાનું નથી, સુપાત્રે કરેલ દાન કદી નિરર્થક થયું નથી, યોગ્ય પાત્રને જરૂરને વખતે કરેલ મદદ કદી ઊગી સર્યા વગર રહી નથી, માટે હોય ત્યારે ખૂબ આપો, દુકાળનો કે દારિદ્રનો ભય માથા પર ન રાખો, છોકરાં નમાલાં ગરીબડાં પરાધીન અને વ્યાજવડીએ જીવવાના છે એમ ન ધારો. આપો, વાવરો, ખરચો અને ઘણું મળશે અને નહિ મળે તો મનમાં ઓરતો તો નહિ જ રહી જાય. માત્ર વાપરવામાં કે દેવામાં વિવેકની પૂરી જરૂર છે. ઉકરડામાં દિવેલ કે ઘી નાખવાથી ઊગે નહિ, પણ લોટ સાથે મળે તો જરૂર પુષ્ટિ કરે. બાકી એને ડબામાં પૂરી રાખવામાં આવે તો બે ચાર માસમાં એ ખોરું થઇ જાય અને અંતે એને રેતીમાં રગદોળવું પડે કે ઉકરડે નાખી દેવું પડે. આવેલ વખતને ઓળખે એ જાણકાર, છતે પૈસે હાથને ઠારે તે જ્ઞાની, ગરીબ ગરબાની હાય સમજે તે અક્કલવાન અને આવતા દિવસને ઓળખે તે સમજુ; બાકી તો કઇક આવ્યા ને કઈક ગયા, નંદરાજાની સોનાની ડુંગરીઓ પણ અંતે અહીં રહી ગઇ અને એ પોતાને રસ્તે ઉઘાડે હાથે પડી ગયા. ધનનું ફળ દાન છે. ત્યાગમાર્ગની એ શરુઆત છે અને મહાત્યાગની આદિ રચના છે.

**दातव्यं भोक्तव्यं सति विभवे सञ्चयो न कर्तव्यः । पश्येह मधुकरीणां सञ्चितमर्थं हरन्त्यन्ये ॥**

**સુભાષિત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૨ )

**ધન-અપેક્ષિત વસ્તુ-Wealth's relativeness**

**અંતે તો પૈસા એ પણ અપેક્ષિત વસ્તુ છે, કારણ કે જેની પાસે થોડાં હોય અને થોડાંની જ એની ઇચ્છા હોય તે વધારે ધનવાન છે, જ્યારે જેની પાસે ઘણાં હોય અને છતાં વધારેની ઇચ્છા કરે તે પેલાના પ્રમાણમાં ઓછો ધનવાન છે.**

એક સુંદર સુભાષિતમાં ભર્તૃહરિએ ભાખ્યું કે '**અમે** વલ્કલ વસ્ત્રોથી સંતોષ પામી જઈએ છીએ, તમે રેશમી ભારે વસ્ત્રોથી સંતોષ પામો છો. આમાં સંતોષ તો બન્નેની બાજુએ સરખો છે અને બન્ને વચ્ચેનો તફાવત સુદ્દા વગરનો છે. બાકી જેનાં હૃદયમાં તૃષ્ણા ચાલી આવતી હોય **અને** પ્રસાર પામતી હોય તે ખરેખર ગરીબ છે. એક વાર મનમાં સંતોષ થઇ ગયો, પછી કોણ દરિદ્રી અને કોણ તાલેવંત !' આવી સુંદર ભાષામાં એક ત્યાગીના મુખમાં અત્યંત વિશિષ્ટ વિચારો મૂકીને મહાન સત્ય જગત સન્મુખ રજૂ કર્યું છે. વૈરાગી ત્યાગી મોટા કરોડાધિપતિ ચમરબંધીને કહે છે કે જો તમારા મનમાં હજુ પણ વધારે ઘર ભેગું કરવાની વૃત્તિ હોય તો તમે **આશાદાસીના બાળક** છો, **ભિખારી** છો, **પરાધીન** છો, દાસીપુત્ર છો. મારે તો મહેલ અને ઝૂંપડું સરખાં છે, મારે શાલદુશાલા કે ઝાડની છાલનાં વસ્ત્ર સરખાં છે. મારે દૂધપાક, કૂરકપૂર કે હલવા મેવા મીઠાઈ અથવા કુશકા કે ઘેંસ સરખાં છે, મારે નોબત, બીન, તંબુરો કે એકતારો સરખાં છે. આવી રીતે મન પર સંતોષની છાયા ફરી વળી એટલે પછી ધનવાન કે ગરીબનો, શેઠ કે નોકરનો, સેવ્ય કે સેવકનો, ઉપરી કે તાબાના માણસોનો તફાવત રહેતો નથી.

અને **આશા** તૃષ્ણા એ તો એવી ચીજ છે કે એને વધારવા માંડી તો પછી તે **પાઘડીપને** લાંબી ને લાંબી થતી જ જાય છે અને આકાશનો છેડો આવે તો જ તેનો છેડો આવે છે. ધનનું પણ એવું જ છે. હજારે ન ઠરે, તેને લાખ થયે ધરવ થતો નથી અને લાખવાળાને દશ લાખે મન ભરાતું નથી. એટલે ધનવાન કોણ અને ગરીબ કોણ એનો નિર્ણય કરવાનો જ હોય તો તેનું **મૂલ્યાંકન** તેની પાસે કેટલું છે તેનાથી થતું નથી, પણ એના મનની **આશા ઇચ્છાઓ ક્યાં સુધી** પહોંચી છે અને એને હજુ કેટલું ડોળાણુ બાકી છે તે પર એનો નિર્ણય થાય છે.

આશા તૃષ્ણાની તરતમતા અથવા કમી જાસ્તીપણા પર ધનવાન ગરીબના વર્તુલનો નિર્ણય થતો હોવાથી જેની પાસે વધારે મોટી ઇચ્છા તેને ગમે તેટલું હોય તો પણ એ હજુ ઘસડાયા જ કરે છે, અંધારી રાત્રે બાર વાગે પણ એ એની પાસે નદીમાંથી લાકડાં ખેંચાવે છે અને માથે એક બાલ કાળો ન રહ્યો હોય તેવાંને પણ જૈફ વયે સરવૈયા કઢાવે છે. એટલે ગરીબાઇ કે તાલેવંતપણું એ પણ **અપેક્ષિત** બાબત છે. અભ્યાસ ઘટે, આશા હઠી જાય, મનમાં તોષ થઈ જાય તો તે રાજા મહારાજા છે અને નહિ તો સોનાનો હીરા જડિત બળદનો શેઠ હોવા છતાં એ મમ્મણ શેઠ છે. આ દૃષ્ટિએ સંતોષીને સાચું સુખ છે. એ મહારાજા તાલેવંત છે, એ એનાં રાજ્યમાં મહાલે છે, જ્યારે તૃષ્ણાવાન પારકી આશાના દાસ બને છે.

---

Wealth, after all, is a relative thing, since he that has little, and wants less is richer than he that has much but wants more. 26-2-45. COLTON.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્વસાર.

લેખક:—મુનિ પુણ્યવિજયજી મહારાજ ( સંવિજ્ઞપાક્ષિક )

( ગતાંક પૃષ્ઠ ૫૫ થી શરૂ )

**दृढप्रहारिवीरेण चिलातीपुत्रयोगिना।**
**चित्तं चन्द्रोज्ज्वलं कार्यं किमतो योग उत्तमः ।२६।**

દઢપ્રહારી જેવા વીરપુરુષે તથા ચિલાતીપુત્ર જેવા યોગીની જેમ ચંદ્રના જેવું વિશદ મન કરવું જોઈએ. આથી બીજો કયો ઉત્તમ યોગ છે? ૨૬

**येन येन प्रकारेण देवताराधनादिना।**
**चित्तं चन्द्रोवज्ज्वलं कार्यं किमन्यैर्ग्रहकुग्रहैः॥२७॥**

પરમાત્માની ભકિત વિગેરે જે કોઇ પણ પ્રકારથી ચિત્તને ચંદ્રના જેવું નિર્મલ કરવું જોઇએ. તે સિવાય બીજા બાહ્ય અનુષ્ઠાનોથી શું? ૨૭

**तथा चिन्त्यं तथा वाच्यं चेष्टितव्यं तथा तथा।**
**मलीमसं मनोऽत्यर्थं यथा निर्मलतां व्रजेत्॥२८॥**

મલિન મન જેમ ખૂબ નિર્મળ થાય તેમ ચિંતવવું, તેમજ બોલવું અને શરીરની ચેષ્ટા પણ તેવી જ કરવી જોઇએ. ૨૮

**चञ्चलस्यास्य चित्तस्य सदैवोत्पथचारिणः।**
**उपयोगपरैः स्थेयं योगिभिर्योगकांक्षिभिः॥२९॥**

હંમેશા ઉત્પથે ( ખરાબ માર્ગે ) ગમન કરનાર ચંચલ ચિત્ત માટે યોગેચ્છુક પુરુષોએ ઉપયોગમાં તત્પર રહેવું જોઇએ. ૨૯

**सुकरं मलधारित्वं सुकरं दुस्तपं तपः।**
**सुकरोऽक्षनिरोधश्च दुष्करं चित्तशोधनम्॥३०॥**

મલિન વસ્ત્રો ધારણ કરવા, દુસ્તર તપ કરવું અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો એ બધું સુકર છે, ફક્ત મનને કાબૂમાં રાખવું એ જ માત્ર દુષ્કર છે. ૩૦

**पापबुद्ध्या भवेत् पापं को मुग्धोऽपि न वेत्त्यदः।**
**धर्मबुद्ध्या तु यत् पापं तच्चिन्त्यं निपुणैर्बुधैः॥३१॥**

પાપબુદ્ધિથી કરેલા પાપને પાપરૂપે કોણ મૂર્ખ માણસ પણ નથી સ્વીકારતો? પણ ધર્મબુદ્ધિથી પાપ ન થવા પામે એ વાત નિપુણ વિદ્વાનોએ ખાસ લક્ષમાં રાખવાની છે. ૩૧

**अणुमात्रा अपि गुणा दृश्यन्ते स्वधियाऽऽत्मनि।**
**दोषास्तु पर्वतस्थूला अपि नैव कथंचन॥३२॥**

**त एव वैपरीत्येन विज्ञातव्याः परं वचः।**
**दिग्मोह इव कोऽप्येष महामोहो महाबलः॥३३॥**

માણસોને પોતામાં રહેલા નહિ જેવા સૂક્ષ્મ ગુણો પણ પોતાની બુદ્ધિથી દેખાય છે. જ્યારે પર્વત જેવા મોટા દોષો પણ બિલકુલ દેખાતાં નથી. એ દિશા–ભ્રમની માફક એક પ્રકારનો મોહ છે. પણ આ જ બાબતને ઉલટી રીતે જાણવી–પોતાના સૂક્ષ્મ દોષોને પણ પર્વતની જેમ જોવા અને પોતાના મહાન્ ગુણોને પણ ન જોવા એ જ સાર છે. ૩૨–૩૩

**धर्मस्य बहुधाऽध्वानो लोके विभ्रमहेतवः।**
**तेषु बाह्यफटाटोपा तत्त्वविभ्रान्तदृष्टयः॥ ३४॥**

**स्वस्वदर्शनरागेण विवदन्तो मिथो जनाः।**
**सर्वथैषात्मनो धर्मं मन्यन्ते न परस्य तु॥ ३५॥**

જગતમાં ધર્મના માર્ગો પ્રાય: ભ્રમમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર.

લેખક:—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ( ત્રિપુટી )

( ગતાંક પૃષ્ઠ ૪૯ થી શરૂ )

**છંદોનુશાસન**—છંદરચના માટે આ સુંદર ગ્રંથ છે. આના જેવો કોઇ બીજો ગ્રંથ આ વિષયનો નથી. આ ગ્રંથ પણ આઠ અધ્યાયમાં વિભક્ત છે. એના ઉપર સ્વોપજ્ઞ ટીકા લખી છે. દરેક પ્રકારના છંદનું ઉત્તમ જ્ઞાન મેળવવાનું આ ગ્રંથ પરમ સાધન છે. સંસ્કૃત અને પ્રાકૃતના અનેક છંદોનું વર્ણન કરવા સાથે જુદા જુદા અનેક ગ્રંથોનાં અવતરણો આપી ગ્રંથને વધુ શોભાવ્યો છે. આના આઠ અધ્યાયમાં ૭૬૪ સૂત્રો છે.

આવી રીતે શબ્દાનુશાસન, લિંગાનુશાસન, કાવ્યાનુશાસન અને છંદોનુશાસન—આ ચારે અનુશાસન સ્વોપજ્ઞ પોતે જ રચ્યા છે. ભારતીય સાહિત્યમાં સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં આવી રીતે ચારે ( પાંચ ) અનુશાસનોના રચયિતાનું અપૂર્વ માન પ્રાપ્ત કરનાર આચાર્યવર્ય [૧] જ છે.

આ સિવાય ન્યાયશાસ્ત્રનો **પ્રમાણમીમાંસા** સુંદર સૂત્રબદ્ધ ગ્રંથ છે. આ ગ્રંથ અત્યારે અપૂર્ણ ઉપલબ્ધ છે. થોડી મહેનતે વધારે જ્ઞાન આપનાર સુંદર જૈન ન્યાયનો ગ્રંથ છે. અન્યદર્શનોનું યુક્તિથી ખંડન કરી જૈન દર્શનનું મંતવ્ય સુંદર રીતે વર્ણવ્યું છે. તેમજ અન્યયોગવ્યવચ્છેદ અને અયોગવ્યવચ્છેદ નામે બે બત્રીસીઓ પણ ન્યાયથી પરિપૂર્ણ છે. યોગ

૧ પાંચમું અનુશાસન છે તેનું નામ **વાદાનુશાસન** છે, જેમાં વાદની સુંદર ચર્ચાપદ્ધતિ આપી છે. આ ગ્રંથ અત્યારે અનુપલબ્ધ છે.

---

નાંખનારા થઈ પડેલા છે, તે માર્ગોમાં રહેલા, બાહ્ય આડંબર કરનારા અને તત્વમાં ભ્રાન્ત દૃષ્ટિવાળા માણસો પોતપોતાના દર્શનના રાગથી માંહોમાંહે વિવાદ કરતાં પોતાના જ ધર્મને દરેક રીતે માને છે; બીજાના ધર્મને નહિ. ૩૪

**यत्र साम्यं स तत्रैव किमात्मपरचिन्तया।**
**जानीत तद्विना हंहो! नात्मनो न परस्य च॥३६॥**

ખરી વાત તો એ છે કે જે માર્ગમાં સમભાવ છે ત્યાં જ ધર્મ છે, અને તેથી આ મારો અને આ પારકો એવી ચિંતા કરવાનું કાંઇ કારણ જ નથી, કારણ કે સમભાવ વિનાનો જે ધર્મ, તે પોતાનો કે પારકો કોઇ પણ જાતનો ધર્મ જ હોઈ શકતો નથી ૩૬.

**क्षान्त्यादिर्दशधा धर्मः सर्वधर्मशिरोमणिः।**
**सोऽपि साम्यवतामेव मैत्र्यादिकृतकर्मणाम्॥३७॥**

સર્વ ધર્મમાં શિરોમણી સમાન સર્વજ્ઞપ્રણીત જે ક્ષમા વિગેરે દશ પ્રકારનો ધર્મ છે તે પણ મૈત્રી વિગેરે ભાવનાઓથી વાસિત હૃદયવાળા અને સમભાવવાળા જીવોને જ માટે છે. ૩૭

**साम्यं समस्तधर्माणां सारं ज्ञात्वा ततो बुधाः।**
**बाह्यं दृष्टिग्रहं मुक्त्वा चित्तं कुरुत निर्मलम्॥३८॥**

હે વિદ્વાનો! તેથી સર્વ ધર્મનો સાર સામ્ય છે, એમ જાણી, બાહ્ય દૃષ્ટિરાગનો ત્યાગ કરીને ચિત્તને નિર્મલ કરો!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયમાં મહારાજા કુમારપાલની વિનંતિની યોગશાસ્ત્ર જેનું બીજું નામ અધ્યાત્મોપનિષદ્ છે, સ્વોપજ્ઞ બનાવ્યો છે, બાર હજાર શ્લોકની જેની ટીકા છે, આમાં યોગનું સુંદર વિવેચન છે. તેમજ પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાનાવસ્થાનું વર્ણન છે જે ખાસ વાંચવા યોગ્ય છે.

ભક્તિ માટે વીતરાગ સ્તોત્ર વીશ પ્રકાશમાં બનાવ્યું છે. જેમાં વીતરાગ કેવા હોય ? તેના ગુણો, અતિશયો અને ભક્તિપ્રધાન સ્તુતિઓ, દાર્શનિક મંડન વગેરે વાંચવા યોગ્ય છે. તેમ જ **મહાદેવ સ્તોત્ર** રચી સાચા મહાદેવ કેવા હોય તેનો અચ્છો ખ્યાલ આપ્યો છે.

ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, અને પરિશિષ્ટ પર્વ આ બન્ને જૈનધર્મના ઈતિહાસ માટે મુખ્ય છે. આમાં શ્રી હેમચંદ્રાચાર્યજીના કાવ્યપ્રતિભા શરદ્પૂર્ણિમાના ચંદ્રની માફક ખીલી ઊઠી છે. ભાગીરથીના મંદ મંદ પ્રવાહ સમાન વહેતો સુંદર ભાષાપ્રવાહ, પદલાલિત્ય, માધુર્ય અને અલંકારોથી સુશોભિત આ ગ્રંથ ધર્મોપદેશ, તત્ત્વજ્ઞાન, ચરિત્રવર્ણન અને ભક્તિના ખજાનાથી ભરેલો છે. આમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તિ, ૯ બલદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, એમ ૬૩ ઉત્તમ પુરુષોનાં ચરિત્રો છે, દશ પર્વ છે અને ૩૬૦૦૦ શ્લોકપ્રમાણ છે.

**પરિશિષ્ટપર્વમાં** જંબૂસ્વામીથી વજ્રસ્વામી સુધીના જૈનધર્મના પ્રભાવિક પુરુષોનાં ચરિત્ર છે તેમાંયે જંબૂસ્વામીના જીવનચરિત્રમાંની અદ્ભુત ઉપદેશક કથાઓ તો ખૂબ રસપ્રદ અને જીવનદાયક છે.

આચાર્યપુંગવના ગ્રંથોની વિસ્તૃત સમાલોચનાનો આ સમય કે સ્થાન ન હોવાથી આ વિષયનો ઉપસંહાર કરી શ્રી હેમચંદ્રાચાર્યશ્રીની પ્રતિભાનું એક જ શ્લોકમાં શ્રી સોમપ્રભસૂરિજીએ જે વર્ણન આપ્યું છે તે મૂકી આગળ વધીશ.

**कॢप्तं व्याकरणं नवविरचितं छंदो नवं द्वाश्रया-**
**लंकारौ प्रथितौ नवौ प्रकटितं श्रीयोगशास्त्रं नवम्।**
**तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रनवं**
**बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः॥**

( જેમણે ) " નવું વ્યાકરણ બનાવ્યું, નવું છંદશાસ્ત્ર રચ્યું, દ્વાશ્રયમહાકાવ્ય અને અલંકારશાસ્ત્રને વિસ્તાર્યાં, અને નવાં જ પ્રકટ કર્યાં, યોગશાસ્ત્ર પણ નવું રચ્યું, નવા તર્કશાસ્ત્રને જન્મ આપ્યો, જિનવરોનાં ચરિત્રોનો નવો ગ્રંથ રચ્યો, કઈ કઈ રીતે ( તેમણે ) શ્રીહેમચંદ્રાચાર્યે અજ્ઞાનને દૂર નથી કર્યું ? "

**નિષ્પક્ષતા અને ભક્તિ**–હવે સૂરિજી મહારાજની નિષ્પક્ષતા અને ભક્તિની વાનકી આપી આ લેખ સમાપ્ત કરીશ. પ્રથમ શ્રી હેમચંદ્રાચાર્યજીકૃત થોડી ભક્તિ સ્તુતિઓ જોઈએ.

**तव चेतसि वर्तेऽहमिति वार्तापि दुर्लभा ।**
**मच्चित्ते वर्तसे चेत्त्वमलमन्येन केनचित् ॥ १ ॥**

હે પ્રભુ ! હું આપના દિલમાં વસું એ વાત પણ દુર્લભ છે, પરંતુ આપ મારા દિલમાં વસો, મારા અંતરમાં સ્થિર થાઓ એટલે બસ છે. મારે બીજા કશાની જરૂર નથી.

**त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु निपीतासु सुधास्विव**
**मदीयैर्लोचनाम्भोजैः प्राप्यतां निर्निमेषता ॥**

હે પ્રભુજી ! આપના મુખચંદ્રની કાંતિની અમૃત જેવી જ્યોત્સ્નાનું પાન કરવાથી–કર્યે છતે મારાં નેત્રકમલ સ્થિર થાઓ ( અર્થાત્ આપના દર્શનમાં જ નેત્રકમલો લાગી જાઓ. )

**त्वदास्यलासिनी नेत्रे त्वदुपास्ति करौ करौ ।**
**त्वद्गुणश्रोत्रिणी श्रोत्रे भूयास्तां सर्वदा मम ॥**

હે વીતરાગ પ્રભુ ! મારાં નેત્રો આપના મુખકમલના દર્શનમાં રમો, ઉલ્લાસ પામો, મારા બન્ને હાથ આપની સેવામાં તત્પર રહો, મારા બન્ને કાન આપના ગુણશ્રવણમાં તત્પર થાઓ.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**तव प्रेष्योऽस्मि दासोऽस्मि सेवकोऽस्म्यस्मि किंकरः**
**ओमिति प्रतिपद्यस्व, नाथ नातः परं ब्रुवे ॥**

હે પ્રભુ! હું આપનો આધીન વર્તનારો પ્રેષ્ય છું, આપની સેવામાં દાસ છું, અને આપનો આજ્ઞાધીન કિંકર છું; માટે હે પ્રભુ! ઓમ એમ કહીને અર્થાત્ તમારો સેવક છું એમ સ્વીકારો, હે નાથ! હું આથી વધારે યાચવા નથી ઇચ્છતો.

**भुवे तस्यै नमो तस्यां तव पादनखांशवः ।**
**चिरं चूडामणीयन्ते ब्रूमहे किमतः परम् ॥१॥**
**जन्मवानस्मि कृतकृत्योऽस्मि यन्मुहुः ।**
**जातोऽस्मि तव गुणग्रामरामणीयकलम्पटः ॥**

હે પ્રભુ! જે ભૂમિમાં આપના ચરણકમળના નખના કિરણો ચિરકાળ ચૂડામણિની આચરણા કરે છે તે ભૂમિને અમારા નમસ્કાર થાઓ. આથી વધારે શું કહીયે? (અર્થાત્ જ્યાં આપ વિચરો છો તે ભૂમિને પણ અમારા નમસ્કાર છે.)

હે પ્રભો! આપના ગુણસમુદાયની રમણીયતામાં હું લમ્પટ થયો છું એથી મારો જન્મ સફળ છે; એથી જ હું મને વારંવાર કૃતકૃત્ય ને ધન્ય માનું છું.

**क्वाहं पशोरपि पशुर्वीतरागस्तवः क्व च ।**
**उत्तितीर्षुररण्यानि पद्भ्यां पंगुरिवास्म्यतः ॥**
**तथापि श्रद्धामुग्धोऽहं नोपालंभ्यः स्खलन्नपि ।**
**विश्रृङ्खलापि वाग्वृत्तिः श्रद्धधानस्य शोभते ॥**

પશુથી પણ પશુ એવો હું ક્યાં અને (બૃહસ્પતિને પણ અશક્ય) વીતરાગની સ્તુતિ ક્યાં? તેથી પગવડે મહાઅટવીનું ઉલ્લંઘન કરવા ઇચ્છતા પાંગળા જેવું આ મારું સાહસ છે.

તો પણ શ્રદ્ધાથી પ્રેરિત હૃદયવાળો હું આપની સ્તુતિ કરવામાં સ્ખલના પામું-આપના અનંત ગુણો પ્રગટ ન કરી શકું, તો તેથી મને ઉપાલંભ આપવો યોગ્ય નથી, કારણ કે ભક્તિસંપન્ન ભક્ત-શ્રદ્ધાળુની સંબંધ વગરની વાણી પણ શોભા પામે છે.

## હવે નિષ્પક્ષવૃત્તિ જુઓ—

**न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिःपरेषु**
**यथावदासत्वपरीक्षया तु त्वामेव वीरप्रभुश्रिताःस्म**

હે ભગવાન્! કાંઇ એકલી શ્રદ્ધાથી જ આપનામાં અમારો પક્ષપાત નથી તેમ દ્વેષથી જ બીજા દેવો ઉપર અરુચિ નથી, પરંતુ યથાર્થ રીતે આપ્તત્વની પરીક્ષા કર્યા પછી, હે વીરપ્રભુ! અમે આપને શરણે આવ્યા છીએ.

**यत्र तत्र समये भवबीजांकुरजननां** વગેરે શ્લોકો પણ આપણે જોઇ ગયા છીયે. **यत्र तत्र समये** શ્લોક અયોગદ્વાત્રિંશિકાનો ૩૧મો શ્લોક છે.

**इमां समक्षप्रतिपक्षसाक्षिणा-**
**मुदारघोषामवघोषणां ब्रुवे ।**
**न वीतरागात् परमस्ति दैवतं,**
**न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥**

પ્રતિપક્ષીઓની સમક્ષ હું મોટી ઘોષણાપૂર્વક કહું છું કે આ સંસારમાં વીતરાગ સમાન બીજા કોઇમાં દેવત્વ નથી-અર્થાત્ વીતરાગ સમાન બીજા દેવ નથી અને અનેકાન્ત-સ્યાદ્વાદ (અપેક્ષાવાદ) સમાન કોઇ તત્વજ્ઞાન નથી.

આવા મહાજ્ઞાની-જ્ઞાનસમુદ્ર જૈન શાસનની અપૂર્વ પ્રભાવના કરી સંસ્કૃત-પ્રાકૃત વગેરે સાહિત્યની-ભારતીય સાહિત્યના સમસ્ત અંગોની સુંદર સેવા કરી "કલિકાલસર્વજ્ઞ" મહાયુગપ્રધાન બની ૮૪ વર્ષની વૃદ્ધ ઉમ્મરે ૧૨૨૯ માં અણસણ કરી સ્વર્ગવાસ પામ્યા.

હેમયુગના પ્રતાપી સ્રષ્ટા, ગુજરાતની અસ્મિતાના મહાન જ્યોતિર્ધર, પ્રબલ પુરુષાર્થી, આબાલબ્રહ્મચારી, ગુજરાતના બે સમર્થ સમ્રાટોની રાજસભા દીપાવનાર, તેમના પ્રતિબોધક ધર્મગુરુ, પરમમિત્ર, મહારાજા કુમારપાલને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રત્યેક બુદ્ધ.

લેખક.—ચોકસી

## ૨. સાગરદત્ત—

પ્રત્યેકબુદ્ધની સંખ્યામાં નંબર નોંધાવનાર સાધ્વી પુષ્પચૂલાના જીવનની જે ઝરમર આપણે જોઇ ગયા એ એક ભવ પૂરતી જ હતી. અહીં તેમ નથી. વાર્તાનાયક સાગરદત્તનું જમેપાસું સંગીન છે. જંબૂસ્વામીના પૂર્વભવમાં ડોકિયું કરનાર એમને (સાગરદત્તને) આલેખ્યા વિના ન જ રહી શકે. ભવદત્ત અને ભવદેવની બંધવબેલડીથી જ એ ભવોની શરૂઆત. એમાંના નાના ભાઇ ભવદેવ, એનો નાગિલા સાથેનો પ્રેમપ્રસંગ, જીવનમાં ભરતી–ઓટ અને આખરી અંજામ કેવા પ્રકારે જંબૂકુમારના ભવમાં આવ્યો એ વાત અહીં અપ્રસ્તુત હોવાથી બાજુ પર રાખી, મૂળ વાતના પ્રવાહમાં આગળ વહેતાં જણાવીએ કે વડિલ ભાઇ એવા ભવદત્તે બાળપણમાં જ નિર્ગ્રંથ પ્રવચન શ્રવણ કરી ભાગવતી દીક્ષામાં પગલા માંડ્યા હતા. એ પવિત્ર માર્ગમાં ઓતપ્રોત બની પોતાના જીવનનાવને હંકાર્યું હતું. પંચત્વ પામ્યા પછી સુધર્મકલ્પ નામના પ્રથમ વૈમાનિક દેવલોકમાં રિદ્ધિસંપન્ન દેવ તરીકે જન્મ મેળવ્યો હતો. સ્વર્ગીય સુખોની વિપુલતા એ જન્માંતરની સુકરણીના ફળસ્વરૂપે લેખાય, છતાં પ્રગતિવાંચ્છુ આત્મા એમાં લીન ન જ બને. એને માટે આ પ્રકારનો યોગ લાંબી મુસાફરીમાં થાક ઉતારવા સારુ આવતા વિસામારૂપ લેખાય. પરિશ્રમ હળવો થતાં જ જેમ પથિક પોતાની કૂચ આગળ લંબાવે તેમ જેના હૃદયમાં જીવનધ્યેયની ઝાંખીનો પ્રકાશ પથરાય છે એ આત્મા પ્રાપ્ત થયેલ વિલાસોમાં આકંઠ ન ડૂબે, પુષ્પનો રસ માણી ઊડી જતાં ભ્રમર જેવું એનું જીવન હોય, એના અંતરની ઘડિઆળનો કાંટો ઉત્તરધ્રુવ સમ નિશ્ચિત દિશા બતાવતો હોય. આવા ઉન્નત પંથના પથિક માટે દેવભવના છેલ્લા દિવસો દુઃખકર ન હોય. યમરાજની હાકલની રાહ એ હસતે મુખડે જોઈ રહ્યો હોય.

આયુષ્યનો દોર તૂટ્યો અને દેવ થયેલ ભવદત્તનો હંસલો દેવભવનમાંથી ઊડ્યો. માનવલોકમાં સારી પ્રસિદ્ધિને પામેલ વિદેહ પ્રદેશ–નામીચી પુંડરિકીણી નગરીમાં પહોંચી ગયો. પુષ્કળાવતી વિજયના આ પાટનગરમાં સમ્રાટ વાગ્રદત્તની આણ પ્રવર્તતી હતી. પટરાણીનું નામ હતું યશોધરાદેવી. ઉભયના ગૃહસ્થ જીવનમાં ભવદત્તના જીવનું પુત્રપણે ઉપજવું એ મોટામાં મોટા આનંદના પ્રસંગરૂપ લેખાયું. રાજાધિરાજને ઘેર જન્મ થવો એટલે 'Born with a

---

પરમાર્હતોપાસક બનાવી જૈન શાસનના દિવાકરરૂપ અને સાધુતાની જીવતીજાગતી પ્રતિમા સરીખા સૂરિપુંગવને નમી આ લેખ પૂર્ણ કરું છું. સાથે જ સોમપ્રભસૂરિજીના શબ્દોમાં ત્રિકાલવંદના પણ કરું છું.

स्तुमस्त्रिसन्ध्य प्रभुहेमसूरेरनन्य–
तुल्यामुपदेशशक्तिम् ।
अतीन्द्रियज्ञानविवर्जितोऽपि,
यः क्षोणिभर्तुर्व्यधितप्रबोधं ॥

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



silver spoon' જેવું અર્થાત્ લાલનપાલનમાં સર્વ પ્રકારની અનુકૂળતા, પાણી માંગતાં દૂધ મળે તેવું માનવજીવનમાં ઉત્કૃષ્ટ સુખની ઝાંખી ! આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિપ્રકારની જે આપદા આ મનુષ્ય લોકમાં દૃષ્ટિગોચર થાય છે એમાંની એકનો પણ અનુભવ કર્યા વિના ભવદત્તનો જીવ, સાગરદત્તનું હુલામણું નામ પામી દ્વિતીયાના ચંદ્ર માફક વૃદ્ધિ પામવા લાગ્યો અને જોતજોતામાં યૌવનના આંગણે આવી ખડો થયો.

'Time and Tide wait for no man' કાળ અને ભરતી કોઈની રાહ જોતાં નથી' અર્થાત 'સમયનું ચક્ર અસ્ખલિતપણે ગતિ કર્યા કરે છે' એ નિયમ અનુસાર સાગરદત્ત કુમારને ભોગને યોગ્ય જાણી રાજવી વાદ્યદત્તે ખાનદાન કુટુંબની આઠ સ્ત્રીયો પરણાવી. રૂપવતી રમણીઓ સાથે ક્રીડાકેલિ કરતાં સંસારજન્ય ભોગવિલાસને માણતાં કુંવર સાગરદત્તનો કેટલોક કાળ વ્યતીત થઈ ગયો.

રાજગાદીના વારસ એવા આ પાટવી કુંવરમાં બોંતેર કળાનો વાસ હતો. ખરું ખોટું સમજવાની શક્તિ હતી અને ન્યાયભરી રીતે રાજ્ય ચલાવવાની દક્ષતા પણ હતી. આમ છતાં પિતાશ્રી રાજ્યની ધુરા વહન કરી રહેલ હોવાથી પોતે કેવળ મનમાન્યા સંસારી સુખમાં જ રચ્યોપચ્યો રહેતો હતો.

કુદરતે કોઇ જુદો જ રાહ નિયત કર્યો હતો. માણસની બધી જ ધારણાઓ પાર પડતી હોય તો આ વિશ્વ કોઈ જુદી જ દશામાં જોવાય. પણ એમ બનતું ન હોવાથી અને જે વાત મનમાં કે ધારણામાં રાખી સરખી નથી હોતી એવી અકસ્માત્ બની જતી જોતાં જ આશ્ચર્ય ઊપજે છે; છતાં વિધિની નોંધપોથીમાં એના રેખાંકન તો થયેલાં જ હોય છે. મોટું સ્વરૂપ પકડ્યા પછી જ એ જગતની આંખે ચઢે છે. પૂર્વભવની કિંમતી મૂડીના વારસદાર સાગરદત્તને, વિલાસી જીવન જીવતો જોનાર જનતાને એના અંતરના મંથનો નજરે ન ચઢે, એનો અર્થ એ ન કરાય કે એને આ જીવન સંબંધી, આત્માના અંતિમ હેતુ સંબંધી કે માનવભવ સાર્થક કરવા સંબંધી વિચાર જ નહીં ઉદ્ભવતા હોય ! પૂર્વ અભ્યાસના બળે એ આંદોલનો સાગરના મોતી માફક ઊછળે છે અને વિલય પામે છે. ફક્ત એના દર્શન અમુક યોગ સાંપડ્યા વિના થઈ શકતા નથી. આવા કથાનકોના વાંચનદ્વારા બોધ એક જ તારવવાનો છે કે પ્રત્યેક આત્માએ, આત્મકલ્યાણના રાહનો અભ્યાસ ચાલુ રાખવો અને એમાં પ્રગતિ કરવાની તમન્નાને જરા પણ ઢીલી પડવા ન દેવી. આ જાતની દૃઢતા ધારણ કરનારના પાસા પોબાર થાય છે જ.

મહેલની અગાશીમાં યુવરાજ સાગરદત્ત પોતાની પ્રેયસીઓ સહ સંધ્યાકાળે આકાશ દર્શન કરતા ઊભા છે. વાદળાંઓ જાતજાતના આકારોમાં પલટા ખાતાં—નવનવા રૂપો રચતાં—આવજા કરી રહ્યાં છે. કુદરતના અભ્યાસીને આનંદ પમાડે તેવું દૃશ્ય સર્જાયું છે. એક વાદળ તો જાણે મેરુપર્વત સામે ખડો ન થયો હોય એવું દેખાયું, એકાદ ભાગ પાંડુક શિલા જેવો જણાયો. એ જોતાં જ સાગરદત્તના હૃદયમાં તીર્થંકરના જન્મમહોત્સવનો પ્રસંગ તાજો થયો, પુનઃ જ્યાં એ તરફ દૃષ્ટિ ફેંકે છે ત્યાં તો વાદળું વિખરાઇ ગયેલું અને કેવળ આસમાની રંગની છાંટ દૃષ્ટિગોચર થઇ ! આ પરિવર્તને સાગરદત્તના વિચારવહેણની દિશા બદલી નાખી ! અનિત્યતા—નશ્વરતા એ ચિંતનનો વિષય થઇ પડ્યો ! સંસારના સર્વ પદાર્થો કારમા સમજાયા ! આ જ્ઞાન એટલું ઝડપથી થયું અને એમાં એવી તો સંગીનતા આવી કે એની સામે રંગીલી રમાઓની એક પણ દલીલ ટકી શકી નહીં. રાજવીના હાથ હેઠા પડ્યા, તે પ્રત્યેકબુદ્ધ થઈ ચાલી નીકળ્યા. ઉત્કૃષ્ટ સંયમ પાળી કેવળી બન્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ યશોવિજયજી.

(૪)

( ગતવર્ષ પૃષ્ઠ ૨૨૭ થી શરૂ )

લે.–ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.

## સમાજસુધારક તરીકે—

શ્રીમાન્ યશોવિજયજી એક પ્રખર આદર્શ સમાજ–સુધારક તરીકે સુપ્રસિદ્ધ છે. એ ખાસ નોંધવા જેવું છે કે તેમનો સુધારો આધુનિકોની જેમ યદ્વાતદ્વા સ્વચ્છંદાનુયાયી નથી, પણ નિર્મલ શાસ્ત્રમાર્ગાનુયાયી ને શુદ્ધ આદર્શવાદી છે. ભગવાને પ્રણીત કરેલા મૂળ આદર્શ માર્ગથી સમાજને ભ્રષ્ટ થયેલો દેખી, ગૃહસ્થોને તેમજ સાધુઓને તેથી વિપરીતપણે–વિમુખપણે વર્તતા નિહાળી, ક્ષુદ્ર નિર્માલ્ય મતમતાંતરોથી અખંડ જૈન સમાજને ખંડખંડ–છિન્નભિન્ન થયેલો ભાળી, તેમનું ભાવનાશીલ સાચી અંતર દાઝવાળું હૃદય અત્યંત દ્રવીભૂત થયું હતું–કકળી ઊઠયું હતું. એટલે જ તે સમાજનો સડો દૂર કરવાના એકાંત નિર્મલ ઉદ્દેશથી તેઓશ્રીએ ભગવાન્ **સી**મંધર પાસે ' સાડી ત્રણસો ' અને ' સવાસો ગાથાના ' સ્તવનાદિના વ્યાજથી કરુણ પોકાર પાડયો છે કે–હે ભગવન્! આ જિનશાસનની શી દશા ? અને તેના બ્હાને કેવળ નિષ્કારણ કરુણાથી પ્રેરિત થઈ સુષુપ્ત સમાજને કેટલીક વાર સખ્ત શબ્દપ્રહારના ' ચાબખા ' મારી ઢંઢોળ્યો છે–જાગ્રત કર્યો છે; તથા ગૃહસ્થનો ને સાધુનો ઉચિત આદર્શ ધર્મ સ્પષ્ટપણે સર્વત્ર શાસ્ત્રાધારપૂર્વક મીઠાશથી રજૂ કરી, સમાજને ઘેરી વળેલા કુસાધુઓ ને કુગુરુઓની નીડરપણે સખ્ત ઝાટકણી કાઢી છે. આ ઘણો મોટો વિષય છે અને તે સંપૂર્ણ ઉલ્લેખવા જેટલો અત્રે સમય કે અવકાશ નથી. અત્રે તો માત્ર તેના નમૂનારૂપ ઉદાહરણો આપી સંતોષ માનીશું.

તેઓશ્રી શ્રી **સી**મંધરસ્વામીજીને સ્તવતાં વિનંતિ કરે છે કે–હે ભગવન્! કૃપા કરીને મને શુદ્ધ માર્ગ બતાવો! આ ભરતક્ષેત્રના લોકોએ ભગવાન જિનના અનુપમ શાસનના જે હાલહવાલ કર્યાં છે, તે જોઇને મારું હૃદય ચીરાઇ જાય છે, એટલે આપની પાસે પોકાર પાડું છું. આ વર્તમાન દુઃષમ કાલના અંધશ્રદ્ધાળુ, ગાડરીઆ પ્રવાહ જેવા, મતાગ્રહી, વક્ર–જડ લોકો કોઇ સાચી વાત કહે તો તે સાંભળવાને પણ તૈયાર નથી ! તેને કંઇ કહેવું તે અરણ્યમાં પોક મૂકવા જેવું છે ! એટલે મારી શાસનદાઝની વરાળ હું આપની પાસે ઠાલવું છું.

જુઓ ! કોઇ લોકો સૂત્ર વિરુદ્ધ આચારે ચાલી રહ્યા છે, ને સૂત્ર વિરુદ્ધ બોલી રહ્યા છે. આવા કોઈ જનો એમ કહે છે કે ' અમે ભગવાનનો માર્ગ રાખીએ છીએ–અમે છીએ તો માર્ગ ચાલે છે ! ' આ તે હું કેમ શુદ્ધ માનું ? આ લોકો ખોટા–કૂડ–કપટવાળા આલંબન દેખાડી મુગ્ધ–ભોળા લોકને પાડે છે, ને આજ્ઞાભંગરૂપ કાળું તિલક પોતાના કપાળે ચોડે છે !

**" ચાલે સૂત્રવિરુદ્ધાચારે,**<br>
**ભાખે સૂત્ર વિરુદ્ધ;**<br>
**એક કહે અમે મારગ રાખું,**<br>
**તે કેમ માનું શુદ્ધ રે.**<br>
**જિનજી ! વિનતડી અવધારો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આલંબન કૂડાં દેખાડી,**
**મુગધ લોકને પાડે;**
**આણાભંગ તિલક તે કાળું.**
**થાપે આપ નિલાડે રે-જિનજી!"**

વળી બીજા કોઇ એમ કહે છે કે-"જેમ ઘણા લોક કરતા હોય તેમ કર્યે જવું, એમાં શી ચર્ચા કરવી? 'મહાજન ચાલે તે માર્ગ' કહ્યો છે, ને તેમાં જ આપણને અર્ચા-પૂજા પ્રાપ્ત થાય છે." ત્યારે શ્રી યશોવિજયજી તેનો સણસણુતો જવાબ આપે છે કે—

આ જગત્માં અનાર્યોની વસ્તી કરતાં આર્ય લોકની વસ્તી ઘણી ઓછી છે. આર્યમાં પણ જૈન થોડા છે, તે જૈનમાં પણ પરિણુત જન-આત્મપરિણામી, સાચા જૈનત્વથી ભાવિતાત્મા એવા જનો થોડા છે, અને તેમાં પણ શ્રમણ અર્થાત્ સાચા સાધુગુણથી સંપન્ન એવા સંત-જનો થોડા છે, બાકી માથું મુંડાવ્યું છે એવા વેષધારી દ્રવ્યલિંગી સાધુઓ તો ઘણા છે.

**"આર્ય થોડા અનારજ જનથી,**
**જૈન આર્યમાં થોડા;**
**તેમાં પણ પરિણત જન થોડા,**
**શ્રમણ અલ્પ-બહુ મોડા રે-જિનજી!"**

અને તમે જે મહાજન-મહાજન કહો છો, તે તો જિનાજ્ઞા-જિનશાસન પાળતા હોય તે 'મહાજન' છે, બાકી માત્ર મુખે શાસન-શાસનની બાંગ મારતા હોય તે મહાજન નથી. જેની પુંઠે ટોળું ચાલતું હોય એવો અજ્ઞાની ભલે ગચ્છને ચલાવનારો-આચાર્ય કહેવાતો હોય, તો પણ તે મહાજન નથી, એવું ધર્મદાસ ગણીનું વચન વિચારી, મનને ભોળું મ કરો!

**"અજ્ઞાની નવિ હોવે મહાજન.**
**જો પણ ચલવે ટોળું;**
**ધર્મદાસ ગણી વચન વિચારી,**
**મન નવિ કીજે ભોળું રે-જિનજી."**

ભગવાનની આજ્ઞાએ યથાતથ્યપણે ચાલતો એવો ભલે એક જ સાધુ હોય, એક જ સાધ્વી હોય, એક જ શ્રાવક હોય, એક જ શ્રાવિકા હોય, તો પણ તે આજ્ઞાયુક્તને 'સંઘ' નામ ઘટે છે, બાકી તો અસ્થિસંઘાત છે, એમ શ્રી **ભદ્રબાહુસ્વામીજીએ આવશ્યકસૂત્ર**માં કહ્યું છે; માટે નિજ છંદે-સ્વચ્છંદે ચાલતો હોય તે અજ્ઞાની છે, ને તેની નિશ્રાએ ચાલનારા પણ અજ્ઞાની છે. આવો અજ્ઞાની જો ગચ્છનો ધણી-રણી થઈ પડી ગચ્છને ચલાવે તો તે અનંત સંસારી છે. જે ખંડખંડ પંડિત હોય-'ઇધર ઉધર કંઇ જાણવાવાળો'-તે કાંઇ જ્ઞાની નથી, જ્ઞાની તો જે નિશ્ચિત સમય જાણે તે છે, એમ **સંમતિ**સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે. બાકી જો સમયનો-સિદ્ધાંતરૂપ અખંડ વસ્તુનો વિનિશ્ચય ન હોય, તો જેમ જેમ બહુશ્રુત ને બહુજનને સંમત-માનીતો હોય, અને જેમ જેમ ઝાઝા શિષ્યપરિવારથી પરિવરેલો હોય, તેમ તેમ તો તે જિનશાસનનો વૈરી છે-દુશ્મન છે.

**"અજ્ઞાની નિજ છંદે ચાલે,**
**તસ નિશ્રાયે વિહારી;**
**અજ્ઞાની જો ગચ્છને ચલવે,**
**તે તો અનંત સંસારી રે-જિનજી!**
**"ખંડખંડ પંડિત જે હોવે,**
**તે નવિ કહિયે નાણી;**
**નિશ્ચિત સમય લહે તે નાણી,**
**સંમતિની સહિનાણી રે-જિનજી!**
**જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત,**
**બહુ શિષ્યે પરવરિઓ;**
**તિમ તિમ જિનશાસનનો વયરી,**
**જો નવિ નિશ્ચય દરિઓ રે-જિનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇત્યાદિ વચનોથી તેઓશ્રીએ લોકોની અંધ-શ્રદ્ધા પર સખત કુઠારપ્રહાર કર્યો છે, અને પોતાની પાછળ મોટું ટોળું ચલાવનારા અજ્ઞાની ગચ્છાધિપતિઓને મહાજન માનનારાઓની તથા ખંડખંડ પંડિતને જ્ઞાની માનનારાઓની ભ્રાંતિ ભાંગી નાંખી છે; તેમજ નિશ્ચય જ્ઞાનથી રહિત-અખંડ વસ્તુતત્ત્વના જ્ઞાનથી રહિત એવા બહુશ્રુત-ઘણા વિદ્વાન્ તથા ઘણા લોકપ્રિય તથા સેંકડો શિષ્યોના પરિવારથી પરિવરેલા કહેવાતા ગુરુઓના બાહ્ય ઠાઠમાઠથી ને વાગાડંબરથી અંજાઈ જનારા મુગ્ધજનોને તેવા અજ્ઞાનીઓથી ભોળવાઇ ન જવાની સ્પષ્ટ ચેતવણી આપી છે.

કોઇ લોકો એમ કહે છે કે-' લોચાદિક કષ્ટે કરી અમે ભિક્ષાવૃત્તિ કરીએ છીએ તે મુનિ-માર્ગ છે ' તેનો શ્રી યશોવિજયજી જવાબ આપે છે કે તે માનવું મિથ્યા છે, કારણ કે સાચા મુમુક્ષુપણા વિના-આત્માર્થીપણા વિના જનમનની અનુવૃત્તિએ ચાલવું, જનમનરંજન કરવું, લોકને રૂડું દેખાડવા પ્રવર્તવું, તે માર્ગ હોય નહિં. વળી જો માત્ર કષ્ટે કરીને જ મુનિ-માર્ગ પ્રાપ્ત થઇ જતો હોય, તો બળદ પણ સારો ગણાવો જોઇએ, કારણ કે તે બાપડો ભાર વહે છે, તડકામાં ભમે છે, ને ગાઢ પ્રહાર ખમે છે! માટે માત્ર બાહ્ય કાયક્લેશાદિકથી કાંઇ મુનિપણું આવતું નથી, અને તેવા પુરુષની જે ભિક્ષા છે તે બલહરણી-**પૌરુષઘ્ની ભિક્ષા** છે.

**" જો કષ્ટે મુનિ મારગ પાવે.<br>બળદ થાયે તો સારો;<br>ભાર વહે જે તાવડે ભમતો.<br>ખમતો ગાઢ પ્રહારો રે...જિનજી!<br>લહે પાપ અનુબંધી પાપે,<br>બલહરણી જન ભિક્ષા;<br>પૂરવ ભવ વ્રત ખંડન ફલ એ,<br>પંચ વસ્તુની શિક્ષા રે...જિનજી!**

વળી કોઇ એમ કહે છે કે-" અમે લિંગથી તરશું, મુનિનો-સાધુનો વેષ, દ્રવ્યલિંગ અમે ધારણ કર્યું છે તેથી તરશું; અને જૈન લિંગ એ સુંદર છે." તો તે વાત મિથ્યા છે-ખોટી છે, કારણ કે ગુણ વિના તરાય નહિં, તથારૂપ મુનિપણાના-સાધુપણાના-નિર્ગ્રંથપણાના-શ્રમણ-પણાના ગુણ વિના તરાય નહિં-જેમ ભુજા વિના તારુ ન તરી શકે તેમ.

**" કોઈ કહે અમે લિંગે તરશું,<br>જૈન લિંગ છે વારુ;<br>તે મિથ્યા-નવિ ગુણ વિણ તરિયે,<br>ભુજ વિણ ન તરે તારુ રે.**

તેમજ કોઇ નાટકીઓ-વેષવિડંબક ખોટો સાધુનો વેષ પહેરીને આવે, તો તેને નમતાં જેમ દોષ છે, તેમ સાધુગુણ રહિત એવા વેષ-વિડંબકને-સાધુવેષની વિડંબના કરનારને જાણીને નમીએ તો દોષનો પોષ જ છે.

**ફૂટ લિંગ જિમ પ્રગટ વિડંબક,<br>જાણી નમતાં દોષ;<br>નિદ્ધંદસા જાણીને નમતાં,<br>તિમજ કહ્યો તસ પોષ રે.**

ઇત્યાદિ અનેક પ્રકારે તેઓશ્રીએ સમાજનો સડો સાફ કર્યો છે, લોકોની અંધશ્રદ્ધા ઉડાડી છે અને તેઓને સત્ય શ્રદ્ધા પ્રત્યે દોર્યા છે.

સાથે સાથે તેઓએ સુસાધુઓના-નિર્ગ્રંથ વીતરાગ મુનીશ્વરોના લક્ષણ સ્પષ્ટપણે બતાવી આદર્શ મુનિપણાની-નિર્ગ્રંથપણાની ભારોભાર પ્રશંસા કરી છે.

( અપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## ગુજરાંવાલામાં ૭૭મો જન્મ દિવસ મહોત્સવ

પંજાબકેસરી આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો ૭૭મો જન્મ દિવસ મહોત્સવ ગુજરાંવાલા ( પંજાબ )માં ભારે ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે ખાસ તૈયાર કરેલ મંડપમાં કવિ તેજપાલજી, જહેમલના શાયર રહીમદીન, દેવરાજજી, અમીચંદજી, મગનબાબા અને શ્રી જૈન ગુરૂકુળની અને અમૃતસરની ભજન મંડળી આદિના ગુરૂસ્તુતિના ભાવવાહી મનોહર ભજનો અને વિવેચનો થયાં. મુનિશ્રી જનકવિજયજી, પંન્યાસ વિકાસવિજયજી, પંડિત હંસરાજજી, શાસ્ત્રી પંડિત બિહારીલાલ બીઝ્ઝા, પંડિત રામાવધજી પંન્યાસ સમુદ્રવિજયજી આદિના આચાર્યશ્રીજીના જીવન વિષય રોચક–મનોહર ભાષણો થયા. શ્રી જૈન ગુરૂકુળના વિદ્યાર્થીઓના પણ સુંદર ભાષણો થયાં.

## વિહાર

સીયાલકોટ શહેરમાં શ્રી ચાર શાશ્વતા જિનેશ્વર દેવોનું ગગનચુંબી મંદિર તૈયાર થઇ ગયું છે, તેની પ્રતિષ્ઠા માગસર શુદિ પાંચમ શુક્રવારની હોવાથી આચાર્યશ્રી ગુજરાંવાલાથી કા. વ. બીજે વિહાર કરી સીયાલકોટ પધારશે.

## આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસતિથિ

આપણી સભા તરફથી પ્રતિ વર્ષની માફક આ વર્ષે આસો શુદિ ૧૦ ને શનિવારના રોજ આ. મહારાજશ્રી વિજયકમલસૂરીશ્વરજીની સ્વર્ગવાસતિથિ નિમિત્તે અત્રેના મોટા જિનાલયમાં શ્રી નવપદજીની પૂજા રાગ–રાગિણી સાથે ભણાવવામાં આવી હતી, જે સમયે જનતાએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

## સંઘવી જેચંદભાઇ દલીચંદનો સ્વર્ગવાસ

થોડા દિવસની બિમારી ભોગવી સિત્તોતેર વર્ષની વૃદ્ધવયે કારતક શુદ ૧ના રોજ શ્રી જેચંદભાઇ પંચત્વ પામ્યા છે. ઘણા વર્ષોથી તેઓ કાપડના કુશળ વ્યાપારી હતા. તેમજ શ્રી ગોઘા શહેરના શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરનો વહીવટ પણ તેઓ પ્રમાણિકપણે કરતા હતા. ધર્મશ્રદ્ધાળુ અને મિલનસાર હતા. આ સભાના તેઓ લાઇફ મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી એક શ્રદ્ધાળુ સભ્યની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

## સંઘવી અમરચંદ ધનજીનો સ્વર્ગવાસ.

થોડા વખતની માંદગી ભોગવી ભાઇ અમરચંદ સંઘવી તા. ૩૧–૧૦–૪૬ ગુરૂવારના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ આ સભાના ઘણા વર્ષથી લાઇફમેમ્બર હતા. અને આ સભા ઉપર તેઓ ખાસ પ્રેમ ધરાવતા હતા. તેઓના સ્વર્ગવાસથી એક ધર્મપ્રેમી સભ્યની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

## શેઠ દુર્લભદાસ મૂળચંદનો સ્વર્ગવાસ.

ભાઇ દુર્લભદાસ થોડા દિવસની માંદગી ભોગવી આસો વદ સાતમના રોજ પંચત્વ પામ્યા છે. તેઓશ્રી રેશમી કાપડના નિષ્ણાત વ્યાપારી હતા. તેઓએ મુંબઇમાં ઘણા વર્ષોથી ઉપરોક્ત વ્યાપાર શરૂ કરી આર્થિક સંપત્તિ સારી ઉપાર્જન કરી હતી. મુંબઇ ગોઘારી દવાખાના, શ્રી ગોડીજીપાર્શ્વનાથ જૈન મંદિરની કમીટીના એક સભ્ય હોવા સાથે શ્રી ગોહીલવાડ વીશાશ્રીમાળી જ્ઞાતિના અગ્રેસર પણ હતા. તેઓ મિલનસાર અને ધર્મપ્રેમી હતા. કેટલાક વર્ષોથી તેઓશ્રી આ સભાના લાઇફ મેમ્બર હતા. તેઓના સ્વર્ગવાસથી એક વ્યવહારકુશળ બંધુની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે પછી છપાતાં **શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર** તથા **શ્રી વસુદેવ હિંડી** બે ભાગ મળી ત્રણ ગ્રંથો એક હજાર પાનાના મોટા ગ્રંથો. તે પછી **કથારત્નકોષ, શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર** સચિત્ર સુમારે ૮૦૦ પાનાના ગ્રંથો છપાય છે તે ભેટ મળશે. જેમ જેમ નવા નવા ગ્રંથો છપાતા જશે તેમ તેમ રૂા. ૧૦૧) એકસોએક આપી નવા લાઇફ મેમ્બર થનારને પણ ભેટ મળશે. ઓછામાં ઓછા આઠથી દશ રૂપીઆના કિંમતના દરેક વખતના ગ્રંથોની કિંમત મુદ્દલ થવા જાય છે. આ આર્થિક દૃષ્ટિએ પણ સારામાં સારો લાભ લેવાય છે અને વાંચી આત્મિક આનંદ પણ મેળવાય છે. નીચેના હાલમાં આપવાના તૈયાર થયેલા બે ગ્રંથો માત્ર માગશર માસ સુધીમાં નવા થનારા લાઇફ મેમ્બરોને માત્ર તે લાભ મળી શકશે.

( એકાવન રૂપીયા આપી બીજા વર્ગમાં લાઇફ મેમ્બર થનારને તે દરેક ગ્રંથની કિંમતમાંથી બે રૂપીઆ ભેટના મજરે આપી બાકીની રકમ તેમની પાસેથી લઇ તેમને પણ ભેટ આપવામાં આવે છે.)

---

| ૧. શ્રી સંઘપતિ ચરિત્ર. | **ભેટના બે સુંદર ગ્રંથો** છપાઇ ગયેલ છે. | ૨. શ્રી મહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ. |
|---|---|---|

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે બે સુંદર ગ્રંથો ભેટ આપવા માટે છપાઇ ગયેલ છે. સુંદર ચિત્રો અને આકર્ષક કવર જેકેટવાળું મજબૂત બાઈંડીંગનું કામ શરૂ કરવામાં આવેલ છે. સખ્ત મોંઘવારી, વધતા જતા ભાવો, છતાં આ સભા પોતાના સભાસદોને સુંદર ગ્રંથો છપાવી ભેટ આપે છે, જે રીતે કોઇ પણ અન્ય જૈન સંસ્થા તે પ્રમાણે આપી શકતી નહિ હોવાથી આ સભામાં દર માસે પેટ્રનો તથા સભાસદોની વૃદ્ધિ થતી જાય છે. નવા થનારા સભાસદોને પણ આ ગ્રંથનો લાભ મળશે. બંને ગ્રંથો ઘણા જ સુંદર, પઠનપાઠન કરવા જેવા છે. બાઈંડીંગ વગેરેને લગતી વસ્તુઓ મળવાની ઢીલ થતા એક માસ પછી પ્રગટ થશે.

**૧. શ્રી સંઘપતિ ચરિત્ર ( શ્રી ઉદયપ્રભાચાર્યકૃત )**—ગ્રંથ જેમાં પ્રભાવનાનું સ્વરૂપ, સંઘ તથા શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય, સંઘ સાથે વિધિવિધાનપૂર્વક, શ્રી વસ્તુપાળે કરેલી શ્રી શત્રુંજય ગિરિનાર તીર્થના યાત્રાનું વાંચવા લાયક વર્ણન, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી નેમનાથ પ્રભુનાં ચરિત્રો, શ્રી જંબૂકુમાર કેવળીનું વર્ણન, શ્રી ભરત ચક્રવર્તી તથા શ્રી કૃષ્ણ વાસુદેવની સુંદર કથા, મહાતપસ્વી યુગબાહુ તથા પ્રદ્યુમ્ન કુમારના વૃત્તાંતો, બીજી અનેક અંતર્ગત કથાઓ. છેવટે વસ્તુપાળે શત્રુંજય પર કરેલ મહોત્સવ અને અપૂર્વ દેવભક્તિનું વર્ણન આપી પૂર્વાચાર્ય મહારાજે ગ્રંથ સંપૂર્ણ કર્યો છે. ઘણી ઘણી નવી નવી હકીકતો વાચકને જાણવા મળે છે. આ ગ્રંથ **શ્રી સંઘપતિ રાવબહાદૂર શેઠ જીવતલાલભાઈ પ્રતાપશીએ** આપેલ આર્થિક સહાયવડે છપાય છે.

## ઘણી થોડી નકલો સીલીકે છે.

**૨. શ્રીમહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ**—સતીઓના સુંદર ચરિત્રો, સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે ઘણા જ પ્રયત્નપૂર્વક સંશોધન કરી લખેલા છે. આ સભા તરફથી **૧-સતી ચરિત્ર ૨-સુરસુંદરી** ચરિત્ર **૩-ચંપકમાલા** ચરિત્ર એ ત્રણ ગ્રંથો સ્ત્રી ઉપયોગી પ્રકટ થયા છે. આ ગ્રંથ તે માટે ચોથો છે. આમાં કેટલાક ચરિત્રો પૂર્વે અપ્રકટ છે છતાં મનન કરવા જેવા છે. દરેક સતી ચરિત્રની શરૂઆતમાં રેખાચિત્રો આપવામાં આવેલ છે. કવર જેકેટ સાથે સુંદર મજબૂત બાઈંડીંગવડે તૈયાર થઇ ગયેલ છે. કિં. રૂા. ૩-૮-૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર. Reg. No. B. 431

## તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

નીચેના તીર્થંકર ભગવાન અને સત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે, ફરી છપાય તેમ નથી. જલદી મંગાવો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | રૂા. ૨–૮–૦ | ૮ શ્રી દાન પ્રદીપ | રૂા. ૩–૦–૦ |
| ૨ સુમુખ નૃપાદિ કથાઓ | રૂા. ૧–૦–૦ | ૯ ધર્મરત્ન પ્રકરણ | ૧–૦–૦ |
| ૩ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ | ૧૦ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૪ શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | રૂા. ૧–૦–૦ | | |
| ૫ મહારાજા ખારવેલ | રૂા. ૦ ૧૨–૦ | ૧૧ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૬ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦–૮–૦ | | |
| ૭ શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧–૮–૦ | | |

### છપાતા ગ્રંથો–( ભાષાંતર )

૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૨ શ્રી વસુદેવ હિંડી.

### છપાતા મૂળ ગ્રંથો.

૧ બ્રહત્ કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ.

૨ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ૨–૩–૪–૫ પર્વ

### છપાવવાના અનુવાદોના ગ્રંથો.

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર.
૨ શ્રી કથારત્ન કોષ ગ્રંથ.
૩ શ્રી દમયંતી ચરિત્ર.

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

### ( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય, ગુજરાત પુરાતત્ત્વ મંદિર )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય–ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસોનું છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક, સમાજ રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨–૧૨–૦ પોસ્ટેજ અલગ.

---

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

13 NOV

For Private And Personal Use Only